Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું.   આત્મ સં. ૫૦   સંવત ૨૦૦૨.

અંક ૬ ઠ્ઠો.   પોષ : જાન્યુઆરી.

તા. ૧૦-૧-૧૯૪૬.

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

—: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર :—

For Private And Personal Use Only

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી જિનદેવ સ્તવન ... ... ... | લે. મુનિરાજ શ્રી હેમેન્દ્રસાગર, | ૮૯ |
| ૨ | ' પુન્યની મહત્વતા ... ... ... | લે. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૯૦ |
| ૩ | જ્ઞાનસારના બત્રીશ અષ્ટકનો સંક્ષિપ્ત સાર... | લે. પુણ્યવિજયજી મ૦ સં૦ પાક્ષિક | ૯૮ |
| ૪ | વિક્રમરાજાને જૈન બનાવનાર શ્રી સિદ્ધસેન દિવાકર | લે. આ. શ્રી વિજયપદ્મસૂરિજી | ૧૦૧ |
| ૮ | સમ્યગ્ જ્ઞાનની કુંચી ... ... ... | લે. શ્રી ચંપતરાય જૈની બેરીસ્ટર | ૧૦૭ |
| ૯ | આનંદજનક સમાચાર ... ... ... | સભા | ૧૦૭ |
| ૧૦ | સ્વીકાર, સમાલોચના... ... ... ... | સભા | ૧૦૮ |
| ૧૧ | વર્તમાન સમાચાર ... ... ... ... | સભા | ૧૦૮ |


## નવા થયેલા માનવંતા લાઈફ મેમ્બરો.

| | | | |
|---|---|---|---|
| શેઠ અમૃતલાલ જેસંગભાઈ | (૧) મુંબઈ | શાહ કાન્તિલાલ કેશવલાલ | (૨) અમદાવાદ |
| શાહ દામોદર ઠાકરસીભાઇ | (,,) મુંબઇ | સલોત મોહનલાલ જગજીવનદાસ | (,,) ભાવનગર |
| ,, પ્રેમચંદ કેશવજી | (,,) જામનગર | ,, નન્દલાલ જગજીવનદાસ | (,,) ,, |

## સુધારો.

ગતાંક પૃષ્ઠ ૭૫ ની ત્રીજી લાઇનમાં સોમચંદ્ર નામ છે તેને બદલે ચાંગદેવ નામ સમજવું.

## અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું ( પ્રેસમાં ).

તપોરત્ન મહોદધિ–પ્રતાકારે, શ્રી બૃહત્ કલ્પસૂત્ર છેલ્લો છઠ્ઠો ભાગ, શ્રી ત્રિષષ્ઠિ શ્લાકા પુરૂષ ચરિત્ર મૂળ તથા શ્રી સંઘપતિ ચરિત્ર, શ્રી પાર્શ્વ ચરિત્ર તથા શ્રી વસુદેવ હિંડી–ભાષાંતર અને શ્રી મહાવીરના સમયની મહાદેવીઓ છપાય છે, શ્રી વસુદેવ હિંડીમાં આર્થીક સહાયની જરૂર છે. શ્રી અજિતનાથ ચરિત્ર, શ્રી સંભવનાથ ચરિત્ર, શ્રી સુમતિનાથ ચરિત્ર, શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી મલ્લીનાથ ચરિત્ર પૂર્વાચાર્યકૃત વિસ્તારપૂર્વક, ગુજરાતી ભાષામાં, શ્રી આદિનાથ પ્રભુ જેવા સુંદર વિવિધ રંગોથી સચિત્ર, અનુપમ છપાવવાના છે. કોઈ પુણ્ય પ્રભાવક જૈન બંધુઓની આર્થીક સહાય મળે છપાવવાનું કામ શરૂ થશે.

## યોજનામાં—

આદર્શ મહાન પુરૂષ, શ્રી રામચંદ્રજી ( સચિત્ર ) ચરિત્ર.

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય, ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ સાધ્વીઓ અને ગ્રહસ્થોના જીવનચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. અનેક જૈન વિદ્વાનો પાસે સંપાદનકાર્ય કરવામાં આવેલ છે.

તેનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડાચાર સૈકાનો છે.

પંદરમા સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા

( અનુસંધાન ટાઇટલ પાનું ૩ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૨. | પોષ. | પુસ્તક ૪૩ મું. |
| વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ જાન્યુઆરી:: | અંક ૬ ઠ્ઠો. |


## શ્રી જિનદેવ સ્તવન.

( કૈસે છિપોગે અબ તુમ કૈસે છિપોગે—એ રાગ )

પાર ઉતારો પ્રભુજી પાર ઉતારો, દુસ્તર સંસાર સિંધુ પાર ઉતારો ( ૧ )

ગાજે મદ મોહ લોભ કામ ગુમાની ( ૨ ) હામ થઇ દૂર પ્રભુ ના મળે આરો;
દુસ્તર સંસાર સિંધુ પાર ઉતારો. પાર ( ૨ )

ઊંચે આકાશ નીચે સંસાર સિંધુ ( ૨ ) પાર કરો નૈકા ભવ ભયથી ઉગારો;
દુસ્તર સંસાર સિંધુ પાર ઉતારો. પાર ( ૩ )

સમકિત રસ સ્વાદકરી વૃત્તિ સુધારી, ( ૨ ) સંસાર સર્વ થાય હવે અકારો;
દુસ્તર સંસાર સિંધુ પાર ઉતારો. પાર. ( ૪ )

રત્નત્રયી અમૂલ્ય તુજથી પમાયે (૨) જન્મ મરણકેરો ન લાવશો વારો;
દુસ્તર સંસાર સિંધુ પાર ઉતારો. પાર ( ૫ )

જન્મ મરણ સફળ થાય ટળે ભવની ફાંસી, (૨) ચરણ વસાવો હવે આધાર તમારો;
દુસ્તર સંસાર સિંધુ પાર ઉતારો. પાર ( ૬ )

ચરણે વસવાની મારી આશ અધૂરી, (૨) હાથ ગ્રહી નાથ ! મ્હારો જન્મ સુધારો;
દુસ્તર સંસાર સિંધુ પાર ઉતારો. પાર ( ૭ )

અજિત પ્રતાપ જિન દેવ ! આપનો ( ૨ ) હેતે **હેમેન્દ્ર**કેરાં દુઃખ નિવારો;
દુસ્તર સંસાર સિંધુ પાર ઉતારો. પાર ( ૮ )

**મુનિરાજશ્રી હેમેન્દ્રસાગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'પુન્યની મહત્વતા.'

લે. આચાર્ય શ્રી. વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.

માનવ જીવનમાં પુન્યકર્મ રળવાનો સમય ખોઇ બેસનાર આપત્તિ વિપત્તિનો જ ગ્રાહક કહી શકાય. રાજા હોય કે રંક હોય, શ્રીમંત હોય કે કંગાળ હોય બધાયને પુન્યકર્મ પેદા કરવા માટે એક સરખો જ પ્રયાસ કરવાની જરૂરત છે. શ્રીમંત અથવા તો રાજાએ પોતાને મળેલી સંપત્તિ જોઇને પુન્યની અનાવશ્યકતા સમજી સંતોષ માનવાની જરૂરત નથી; કારણ કે પુન્યથી મળેલી સંપત્તિ વપરાઇને ઓછી થતી જાય છે તે ઓછી ન થવા દેવા અથવા તો તેને વધારવાને માટે પુન્ય બળની અત્યંત આવશ્યકતા રહે છે. પુન્યબળ ઘટી ગયા પછી મેળવેલી સંપત્તિ નષ્ટ થાય છે એટલું જ નહીં પરંતુ નવી સંપત્તિ મેળવવાનો પ્રયાસ પણ નિષ્ફળ જાય છે અને માનવજીવન પૂર્ણ થયા પછી ભાવી જીવન અધમ અને દુઃખપૂર્ણ મેળવાય છે.

માનવ જીવનમાં જેટલું પુન્ય વપરાય છે તેટલો વપરાશ પશુ જીવનમાં હોતો નથી; કારણ કે પશુ કરતાં માનવી ઘણો જ સુખી કહેવાય છે. માનવી જેટલું સુખ મેળવે છે તે બધું પુન્યથી ખરીદેલું છે. જેમ સુખ ભોગવાય છે તેમ તેમ પુન્ય વપરાય છે. એકલું ધન મેળવવામાં જ પુન્યની જરૂરત પડે છે એટલું જ નહીં પણ પાંચે ઇંદ્રિયોના અનુકૂળ વિષયો મેળવવામાં, નિશ્ચિંત અને નિરોગી રહેવામાં, સુખે જીવવામાં અને માન પ્રતિષ્ઠા આદર તથા યશ–કીર્તિ મેળવવામાં પુન્ય પુષ્કળ વપરાય છે. માટે જ પુન્ય ભેગું કરવા ધાર્મિક વ્યવસાય કરવાની અત્યંત આવશ્યકતા રહે છે, તો તે વ્યવસાય માટે નિર્ણીત કરેલા સમયને નિરુદ્યમીપણાથી દૂષિત કરવો ન જોઇએ. જેમ ગૃહસ્થમાં રહેનારને હાલતાંચાલતાં પૈસાની જરૂર પડે છે, માટીના ઘડા જેવી વસ્તુ, અરે! એક દાતણ પણ પૈસા આપ્યા વિના મળી શકે નહીં, તેમ સંસારી જીવનમાં જીવનાર જીવને પુન્યની ઘણી જ જરૂરત રહે છે. દરેક જન્મમાં જીવની પાસે પુન્ય હોય તો જ સર્વ પ્રકારની અનુકૂળતા મેળવી સુખે જીવી શકે છે.

કોઇપણ વસ્તુ કિંમત આપ્યા સિવાય મળી શકતી નથી. જેવા પ્રકારની વસ્તુ હોય છે તેની કિંમત પણ તેવા જ પ્રકારની હોય છે. પૌદ્ગલિક જડાત્મક સુખના સાધન મેળવવાને માટે કિંમતમાં પુન્ય આપવું પડે છે. જેની પાસે પુન્ય સારા પ્રમાણમાં હોય છે તે સ્વેચ્છા પ્રમાણે પૌદ્ગલિક સુખના સાધન મેળવી શકે છે, પણ અજ્ઞાની પુન્યહીન કંગાળ સાધનના અભાવે દુઃખે જીવી દુર્ગતિમાં ચાલ્યો જાય છે, કે જ્યાં વધારે દુઃખમય જીવનનો અનુભવ કરે છે; કારણ કે માનવ જીવનમાં પુન્યનો કંગાળ હોવા છતાં પણ તેણે પુન્ય રળવા કાંઇપણ વ્યવસાય કર્યો નહીં. અને દરિદ્રતાના આશ્રયમાં રહીને નિરુદ્યમીપણે સર્વોત્તમ પુન્ય રળવાના સાધનભૂત માનવજીવનને વેડફી નાંખ્યું. જો કે માનવી સુખી થવા કાંઇ ને કાંઈ ઉદ્યમ તો કરે જ છે તેમજ જીવનને પણ વાપરે છે છતાં માનવજીવનના મુખ્ય કર્તવ્યરૂપ ધાર્મિક વ્યવસાય કે જે આત્મિક તથા પૌદ્ગલિક સુખ આપે છે તે ન કરતાં પૂન્યહીનપણે પૌદ્ગલિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખના સાધન મેળવવા અધર્મ તથા અનીતિના કાર્યમાં ઉદ્યમવાળો રહે છે. અને છળ-કપટ-વિશ્વાસઘાત કરીને કાંઈક સાધન મેળવે પણ છે છતાં તે સુખના બદલે મેળવેલી વસ્તુઓથી અનેક પ્રકારના દુઃખ જ ભોગવે છે, અને પરિણામે અધર્મથી ઉપાર્જન કરેલા પાપના ફળરૂપ દુર્ગતિનો આશ્રિત બને છે, એટલા જ માટે તેને નિરુદ્યમી અને જીવન વેડફી નાંખશે તેમ કહેવામાં આવે છે. જે માનવી માનવજીવનમાં સુકૃત કરીને પુન્યકર્મ અથવા તો નિર્જરા-મુક્તિ મેળવે છે તે જ સાચો ઉદ્યમી અને જીવનનો સદુપયોગ કરનાર કહેવાય છે. બાકીના જીવો તો પાપકર્મ કરી દુઃખની પરંપરા મેળવનારા હોવાથી સાચા ઉદ્યમી અને જીવનને સાર્થક કરનારા કહી શકાય નહીં. જે માનવી પોતાની સમજણ પ્રમાણે કહે કે હું બધી વાતે સુખી છું, મારી પાસે લાખો-ક્રોડોની સંપત્તિ છે, બાગ-બંગલા-મોટર-નોકર-ચાકર છે, મારે સ્ત્રી-પુત્ર-ભાઇભાંડુ આદિ કુટુંબ પરિવાર સારો છે, અને બધાય મારી ઈચ્છા પ્રમાણે વર્તે છે, મિત્રાદિ પણ સારા સજ્જન હિતૈષી અને સ્નેહપૂર્ણ છે, હું વાર્ષિક લાખોની આવકવાળો છું, મારી શારીરિક સંપત્તિ પણ સારી છે, રોગ રહિત સુંદર કાયા છે, લોકોમાં પણ મારી આબરૂ સારી છે, સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થો મારો આદર સત્કાર કરે છે વિગેરે આ પ્રમાણે કહેનારાએ વિચારવું જોઇએ કે-આ બધુંય શાથી ? બીજાઓમાં ઘણી ખામીઓ દેખાય છે. કોઇને પુત્રનું દુઃખ તો કોઈને ધનનું. આ પ્રમાણે અનેક પ્રકારના દુઃખોથી ઘેરાયેલા જગતમાં ઘણા છે અને મને સર્વ પ્રકારની અનુકૂળતા મળી છે તેનું શું કારણ ?

જે સર્વ પ્રકારે સુખ ભોગવે છે તેણે અવશ્ય ધ્યાનમાં રાખવું જોઇએ કે તેની પાસે પુન્યનો સંગ્રહ સારો છે. અને તે પુન્ય ખરચીને સુખ મેળવે છે. સુખના પ્રમાણમાં પુન્યનો વ્યય થાય છે માટે જેટલું પુન્ય ખરચાય છે તેટલું જ નવું પુન્ય રળવાને માટે તેને ધાર્મિક વ્યવસાય કરવાની જરૂરત છે. જો ઉદ્યમ કરીને નવું પુન્ય નહિં રળે તો પુન્યનો પુષ્કળ ખરચ હોવાથી જલદી ખૂટી જશે અને છેવટે સુખની દરિદ્રતા ભોગવવી પડશે. અને જો દુઃખ આવીને ઊભું રહેશે તો પછી પાછું તેટલું પુન્ય આ જીવનમાં મેળવી શકાશે નહિ. જેને રોજનું પચાસનું ખરચ હોય તેણે રોજ પચાસ રળવા જ જોઇએ. જ્યાં સુધી પચાસ રળે ત્યાં સુધી તો વધુ સુખની આશા રાખી શકે નહિ. તેમજ વ્યવસાય બંધ કરી નિશ્ચિતપણે સુખ ભોગવી શકે નહિ પણ જો તે પચાસથી વધુ રળે તો જ ભવિષ્યમાં સુખની સામગ્રી મેળવી વગર વ્યવસાયે પણ રળેલા દ્રવ્યથી સુખી થઈ શકે છે. તેવી જ રીતે જેઓ પુન્ય ભોગવે છે પણ નવું પેદા કરતા નથી તેમને આજ જીવનમાં અથવા તો ભાવી જીવનમાં પુન્યના અભાવે સુખની સામગ્રી મળી શકતી નથી, પણ ધાર્મિક વ્યવસાય કરી ખરચ કરતાં પણ વધુ પુન્ય રળનાર ઉભય લોકમાં ઇચ્છિત સુખ મેળવી શકે છે. જેમ ખાવાની કોઈપણ વસ્તુ ખાતા જેમાં જેટલું આપણને ગળ્યું લાગે છે તેટલા પ્રમાણમાં તેમાં સાકર હોય છે. જો કે તે સાકર આપણને પ્રત્યક્ષ જણાતી નથી. પ્રત્યક્ષ તો શીરો-લાડુ આદિ મિષ્ટાન્ન અથવા તો સેલડી-ગાજરાં આદિ વનસ્પતિ જણાય છે; છતાં મીઠાશ સાકરનો ગુણ છે અને તે તેમાં જ રહેલી છે એમ એકલી સાકર ખાવાથી જનતાને અનેક વખત અનુભવસિદ્ધ થયેલું હોવાથી અણજાણમાં અણજાણ પણ મીઠી લાગતી વસ્તુઓમાં સાકરનું જ અનુમાન કરવાનો. તેવી જ રીતે જ્યાં જ્યાં જેટલે અંશે સુખ છે ત્યાં ત્યાં તેટલે અંશે પુન્ય અવશ્ય હોય છે. જેમ સાકરનો સ્વભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગળપણ છે તેમ પુન્યનો સ્વભાવ સુખ છે. જેની પાસે પૌદ્ગલિક સુખની સામગ્રી જેટલા પ્રમાણમાં હોય છે તેની પાસે પુન્ય પણ તેટલા પ્રમાણમાં રહેલું છે. પુન્યના રજકણો-પુદ્ગલોમાં દુઃખનો અંશ પણ હોતો નથી. જેમ સાકર પ્રીકાશવાળી વસ્તુને મીઠી બનાવે છે તેમ પુન્ય દુઃખીને સુખી બનાવે છે.

સંસારમાં સર્વ પ્રકારે સુખી અથવા તો દુઃખી કોઈક જ હોય છે. ધન છે ત્યાં પુત્ર નથી અને પુત્ર છે ત્યાં ધન નથી. જ્યાં બંને છે ત્યાં આરોગ્યતા નથી. આ પ્રમાણે કોઇ ને કોઇ સુખની ખામી માનવીઓમાં જણાય છે તેનું કારણ પુન્યની અશુદ્ધિ છે અર્થાત્ પુન્યમાં પાપ ભળેલું હોવાથી જ સુખની ન્યૂનતા રહે છે. જેમ સાકરમાં કરિયાતું ભળી ગયેલું હોય અને તેને ખાઈયે તો તે સાકર કેવળ મીઠી ન લાગતાં કાંઇક કડવી પણ લાગે છે તેવી જ રીતે પાપમિશ્રિત પુન્ય ભોગવતાં કોઈ વાતે સુખ તો કોઇ વાતે દુઃખ અનુભવાય છે. માનવીઓમાં ભાગ્યે જ કોઇક એવો હશે કે જે કેવળ પુન્ય અથવા તો કેવળ પાપ જ ભોગવતો હશે, કોઇ પુન્ય અધિક તો પાપ અલ્પ અને કોઈ પાપ વધારે તો પુન્ય ઓછું ભોગવે છે. જે પાપ અધિક અને પુન્ય અલ્પ ભોગવતો હશે તે પોતાને દુઃખી જણાવે છે અને પુન્યની અધિકતાવાળો પોતાને સુખી જણાવે છે.

જેમ દાળ-શાક આદિ વસ્તુઓને સ્વાદિષ્ટ બનાવવાને ખારાસ, ખટાસ, મીઠાસ, તીખાસવાળી વસ્તુઓનું ચૂર્ણ-મશાલો કરીને બીજી વસ્તુઓનો સ્વાદ આપવા છતાં પણ દાળને ખારી કહેશે અને જો મરચાં વધારે હશે તો તીખી કહેશે. તેવી જ રીતે માનવી ભિન્ન ભિન્ન પ્રવૃત્તિ અને અધ્યવસાયથી કરેલા કાર્યના પરિણામરૂપ પુન્ય તથા પાપને એકી સાથે જ ભોગવવાથી જે કર્મ વધુ પ્રમાણમાં દળ તથા રસવાળું હશે તેને અનુસરીને પોતાને સુખી અથવા તો દુઃખી જણાવશે. પુન્ય પાપ આદિ ભિન્ન પ્રકૃત્તિવાળા આઠે કર્મનો દરેક સમયમાં એકી સાથે જ ઉદય હોય છે તેમાં વધારે રસ તથા દળવાળા કર્મ અત્યંત સ્પષ્ટ રીતે અનુભવાય છે. અશાતાવેદની તથા લાભાંતરાય, ભોગાંતરાય અને ઉપભોગાંતરાયના ઉદયથી ઘેરાયેલા અર્થાત્ હમેશના રોગી, ધનહીન, બાગ-બંગલા, સ્ત્રી, વસ્ત્ર, ઘરેણાં તથા સ્વાદીષ્ટ ખાદ્ય પદાર્થો આદિથી વંચિત દુઃખી અજ્ઞાની માનવી પાપીને સુખી અને ધર્મીને દુઃખી જોઇને કેટલાક એમ કહેતા નજર આવે છે કે પાપ કરવાથી સુખી થવાય છે અને ધર્મ કરવાથી દુઃખી થવાય છે; માટે અધર્મજ કરવો ઠીક છે. પણ તે મોટી ભૂલ કરે છે; કારણ કે જો સાકર કડવી લાગે અને કરિયાતું મીઠું લાગે, દેવતા શીતળતા આપે અને પાણી બાળી નાંખે તો જ ધર્મથી દુઃખ અને અધર્મથી સુખ થઈ શકે, વસ્તુમાત્ર પોતપોતાના સ્વભાવ પ્રમાણે જ વર્તે છે. ધર્મથી પુન્ય ઉત્પન્ન થાય છે અને તેનો સ્વભાવ જ પૌદ્ગલિક સુખનાં સાધન મેળવી આપવાનો છે. અને અધર્મથી પાપ થાય છે કે જે પરિણામે દુખોત્પાદક પૌદ્ગલિક સાધનો મેળવી આપે છે જેથી માનવી અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. છતાં અધર્મી માણસો જે સુખી જણાય છે તે તેમના પૂર્વે સંચિત પુન્યના ઉદયનું પરિણામ છે, પણ જે સુખી અવસ્થામાં અધર્મ કરી પાપ ઉપાર્જન કરી રહ્યા છે તે જ્યારે ફળ આપવા સન્મુખ થશે-ઉદયમાં આવશે ત્યારે ભવિષ્યમાં તેઓ અવશ્ય દુઃખ ભોગવશે જ તેવી જ રીતે ધર્મી માણસ જે દુઃખ ભોગવી રહ્યા છે તે પણ તેમના પૂર્વે કરેલા પાપના ઉદયનું ફળ છે; પણ તેમની ધાર્મિક પ્રવૃત્તિનું નથી. પોતાની શુભ પ્રવૃત્તિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાર્જન કરેલા પુન્યના ફળથી તો તેઓ ભાવીમાં અનેક પ્રકારે સુખની સામગ્રી પ્રાપ્ત કરશે જ.

એક માણસ ઘઉંની રોટલી ખાતો હોય અને બાજરી કે બંટી વાવી રહ્યો હોય તો તે કાંઇ વાવેલું ખાતો નથી પણ પૂર્વે સંઘરી રાખેલું ખાય છે. તે પહેલાના સંઘરેલા ઘઉં થઇ રહેશે ત્યારે વાવેલા બાજરી કે બંટી જ ખાવાનો અને જેને બંટી સંઘરી રાખી હશે તે હાલમાં બંટી ખાતો જણાશે પણ જે ઘઉં વાવી રહ્યો છે તે તૈયાર થયા પછી ઘઉં જ ખાશે, તેવી જ રીતે પુન્ય સંઘરનાર પાપી માણસ હાલમાં સુખ ભોગવે છે પણ પુન્ય થઇ રહ્યા પછી પાપનું ફળ દુઃખ જ ભોગવશે અને પૂર્વે સંચિત પાપના ઉદયવાળો ધર્મી માણસ પાપ ક્ષય થયે સુખી જ થશે. આકડો વાવનાર આંબાના ફળ મેળવી શકે નહિં અને આંબો વાવનાર આકડાના ફળ મેળવે નહીં.

ખેડૂત ખેતરમાં પરિશ્રમ કરીને અનાજ વાવે છે તેને ઘડી બે ઘડીમાં લણવાનો પ્રસંગ આવતો નથી, અર્થાત્ સવારે ખેતરમાં જઇને ઘઉં કે બાજરી આદિ વાવી અને સાંજે ખેતરમાંથી અનાજના ગાડાં ભરી લાવે તેમ બનતું નજર આવતું નથી, પણ વાવેલા ઘઉં વિગેરેને અનુકૂળ હવા પાણી મળે તો તે ઊગી નીકળે છે. ત્યાર પછી છોડવા થાય છે અને પછી કણસલાં આવી દાણા ચડે છે અને પાકી જાય છે ત્યારે ખેડુતને લણવાનો પ્રસંગ આવે છે. આ પ્રમાણે ખેતરમાં દાણા વાવ્યા પછી ચાર છ મહિને વાવેલું અનાજ ખાવાના કામમાં આવે છે. સાંજે આંબાની ગોટલી વાવીને સવારમાં કેરીઓના ટોપલા ભરીને લઇ જતું કોઇપણ જોવામાં આવતું નથી. ગોટલી વાવ્યા પછી વર્ષો વીતે ત્યારે આંબા ઉપર કેરીઓ લાગે છે. તેવી જ રીતે ધર્મ તથા અધર્મ કરનારાઓને તત્કાળ ફળ મળતું નથી પણ કાળાંતરે જ્યારે કર્મ ફળ આપવા સન્મુખ થાય છે–ઉદયમાં આવે છે ત્યારે પ્રાણી માત્ર પોતપોતાનાં કરેલાં કર્મના અનુસારે ફળ ભોગવે છે. ધર્મીની પાસે પુન્ય હોવાથી સુખી થાય છે અને અધર્મીએ પાપનો સંચય કરેલો હોવાથી દુઃખી થાય છે. આમ હોવા છતાં પણ કોઇને એવો જ આગ્રહ હોય કે ધર્મથી દુઃખ અને પાપથી સુખ થાય છે તો તેણે પ્રત્યક્ષ અનુભવ કરવા આ પ્રમાણે કરી જોવું. કોઇ માણસ રસ્તામાં ચાલ્યો જતો હોય તેને નિષ્કારણ ગાળ દેવી, બે ચાર તમાચા મારવા, તેની ચોરી કરવી અથવા તો તેની સાથે જતી તેની માતા તથા પુત્રીની સાથે ગેરવર્તણુક કરવી, પછી જો તે સામેનો માણસ બહુજ પ્રસન્ન થઇ પ્રશંસા કરે અને સ્નેહપૂર્વક બહુ જ વિનય તથા નમ્રતા દાખવે ત્યારે તો અધર્મનું ફળ સુખ કહી શકાય. અને આવી પ્રવૃત્તિથી વિપરીતપણે વર્તવાથી, અર્થાત્ સામેના માણસને પગે લાગી તેની પ્રશંસા કરવાથી, તેની સેવા ચાકરી કરવાથી, તેની માતા અને પુત્રીની સાથે માતા તથા પુત્રીની જેમ વર્તવાથી જો તે ચીડાઇ જઇ આવેશમાં આવીને ગાળોનો વરસાદ વરસાવે અને હંમેશાનો શત્રુ બનીને કોઇપણ પ્રકારે દુઃખી કરવા પ્રયત્ન આદરે તો ધર્મનું ફળ દુઃખમાં જ પડે; પરંતુ આ પ્રમાણે તો કોઇએ પણ અનુભવ્યું નથી તેમજ કોઇને ઇષ્ટ પણ નથી.

વિચારશૂન્ય કેવળ બાહ્ય દૃષ્ટિથી જોઇએ તો પણ સંસારમાં ધર્મની ભાવનાથી નીતિપૂર્વક ધર્મ કરનારાઓ મોટે ભાગે સુખી જણાય છે અને પાપ બુદ્ધિથી અનીતિપૂર્વક અધર્મ કરનારાઓનો મોટો ભાગ દુઃખી છે. સુખ અનેક પ્રકારે ભોગવાય છે અને દુઃખ પણ અનેક પ્રકારે ભોગવાય છે. ચોરી કરનારાઓને જેલમાં જઇને દુઃખ ભોગવવું પડે છે અને ખૂની માણસોને ફાંસીના માંચડે ચડવું પડે છે. વ્યભિચારીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા બીજાને દુ:ખ દેનારાઓને કમોતે મરવું પડે છે. કોઇક પ્રસંગે ચોર તથા ખૂની કદાચ સજામાંથી બચી જાય છે તો પણ તે બીજા પ્રકારની યાતનાઓ ભોગવી રીબાઇને કમોતે મરે છે. જ્યારે પાપીઓની આવી દશા થાય છે ત્યારે ધર્મીઓ જેવા કે–નીતિથી ચાલનાર, સત્ય બોલનાર, બીજાના દુ:ખથી દુ:ખી થઇને તેમને સુખી કરવા પ્રયાસ કરનાર, જગતનું ભલું ઇચ્છનાર, જીવ માત્રની દયા કરનાર, પ્રભુની ઉપાસના કરનાર, યશ–કીર્તિ, ધન–સંપત્તિ, સહાનુભૂતિ, પ્રામાણિકતા તથા સુખશાંતિ મેળવી છેવટે સદ્‌ગતિ પામે છે. **'अत्युग्रपुन्यपापानां इहैव फलमश्नुते'** આ નીતિના વાકયને બાહ્ય દૃષ્ટિથી જોઇએ તો ઉગ્ર પુન્ય અથવા તો પાપ કરનારને તે જ જન્મમાં ફળ મળતું પ્રત્યક્ષ જણાય છે; જેમકે–ચોરને જેલ અને ખૂનીને ફાંસી; પણ તાત્ત્વિક દૃષ્ટિથી જોઇએ તો તે તેના પૂર્વજન્મના સંચિતનું ફળ છે અને જે ચોરી તથા ખૂન કરવાથી જે કાંઇ પાપકર્મ ઉપાર્જન કર્યું છે તેનું ફળ તો તેને ભવિષ્યમાં ભોગવવાનું બાકી જ છે. આવી જ રીતે જે ઉગ્ર પુન્ય કરે છે અને સુખ ભોગવે છે તે પણ તેના પૂર્વ જન્મમાં કરેલા પુન્યનું ફળ છે અને અહિં કરેલું પુન્ય તો ભાવીમાં ભોગવવાનું બાકી જ રહે છે. જો શુભાશુભ પ્રવૃત્તિથી ઉપાર્જન કરેલાં પુન્ય–પાપ એક જ જીવનમાં ભોગવી લઇને જીવન સમાપ્ત થતું હોય તો જીવને ફરી જન્મ ધારણ કરવાની જરૂરત રહેતી નથી, કારણ કે સંસારમાં જીવ માત્રનો જન્મ પૂર્વસંચિત કર્મને ભોગવવાને માટે થાય છે. પોતપોતાના કરેલા કર્મના અનુસાર જીવો સદ્‌ગતિ અથવા દુર્ગતિમાં ઉત્પન્ન થઇને પૂર્વે કરેલા શુભાશુભ કર્મના ફળરૂપ સુખદુ:ખ આદિ ભોગવે છે. તે ભોગવતી વખત પાછા નવા કર્મ ઉપાર્જન કરે છે તે ભોગવવા પાછો તેને જન્મ ધારણ કરવો પડે છે. આ પ્રમાણે અનાદિ કાળથી જીવ જન્મ મરણ કરતો ચાલ્યો આવે છે. જ્યાં સુધી નવાં કર્મ બંધાતાં અટકે નહિ અને બધાય જૂનાં કર્મ ભોગવાઇ જાય નહિ ત્યાં સુધી તો જીવ જન્મ મરણ કરવાનો જ અને તે મોહનીય કર્મના અંગભૂત રાગ–દ્વેષ વિદ્યમાન છે ત્યાં સુધી કર્મના બંધનો વિચ્છેદ થવાનો નથી. જમીનમાં રહેલા જડ વૃક્ષનાં મૂળીયાં જ્યાં સુધી લીલા રહે છે ત્યાં સુધી ઝાડનાં પાંદડાં ખરી જાય, ડાળી કપાય કે ફળ ફૂલ નષ્ટ થાય તેથી કાંઇ ઝાડ સુકાઇ જતું નથી. ગયેલાં પાંદડાં–ડાળી કે ફળ–ફૂલ હતાં તેનાથી બમણાં આવી જાય છે અને ઝાડ ગાઢી ઘટાવાળું બની જાય છે, તેમ બીજા કર્મ પાતળાં પડી જાય, ઓછાં થઇ જાય, નબળાં જણાય તો પણ રાગ–દ્વેષનાં મૂળીયાં લીલાં હોવાથી તે હતાં તેનાથી વધારે શકિતવાળાં અને ઘણા પ્રમાણમાં એકઠાં થાય છે માટે જ્યાં સુધી રાગ-દ્વેષ નષ્ટ ન થાય ત્યાં સુધી જીવ પુન્ય ભોગવતો હોય કે પાપ ભોગવતો હોય તે વખતે અવશ્ય નવાં કર્મ બાંધવાનો જ અને તેને ભોગવવા સંસારમાં ભમવાનો જ. જેમ નદીના પ્રવાહમાં જૂનું પાણી ચાલતું થાય અને નવું આવતું જાય બંને પાણીનું જોડાણ એવું હોય છે કે જોનાર બંનેને જુદા પાડી શકે નહીં તે તો ફક્ત પાણી વહે છે એટલું જ જાણે તેમ કર્મપ્રવાહ અનાદિ કાળથી વહ્યા કરે છે. જૂનાં કર્મ ભોગવાતાં જાય અને નવાં ક્રમસર તેની સાથે જોડાઇને આવતાં જાય. આ પ્રવાહ એક ક્ષણ પણ અટકતો નથી, કારણ કે કર્મ ભોગવતી વખતે જે નવાં બંધાયલાં હોય છે તે ચાલતા કર્મના પ્રવાહમાં વહેવાને માટે ક્રમસર ગોઠવાઇ જાય છે અને પ્રવાહના વ્હેણને કાયમ રાખે છે. કર્મની સ્થિતિ લાંબી હોવાથી એક વખતનું બાંધેલું કર્મ અનેક જન્મ સુધી ભોગવવું પડે છે. બધાય કર્મ કરતાં આયુષ્યની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિ બહુ જ ઓછી હોય છે તે આયુષ્યના ઉદયનો પ્રારંભ તે જન્મ અને ક્ષય તે મરણ કહેવાય છે. બાકી ઉદય અને ક્ષયની વચમાં આયુષ્યનું ભોગવવું તે જીવન કહેવાય છે. આ પ્રમાણે હોવાથી લાંબા આયુષ્યમાં પણ લાંબી સ્થિતિનું બીજું કર્મ સમાપ્ત થતું નથી. ભોગવતાં બાકી રહે તે બીજા જીવનમાં, ત્યાં બાકી રહે તે ત્રીજા જીવનમાં એમ અનેક જીવનમાં એક કર્મ પૂરું ભોગવાઇ રહે છે. એક કર્મ પૂરું ભોગવાઈ રહ્યા પછી પણ જીવ તે કર્મથી રહિત થતો નથી, કારણ કે રાગ–દ્વેષની સહાયતાથી નવું બંધાયલું તેવા જ નામવાળું કર્મ તેની સાથે જોડાઇ જાય છે એટલે જીવ એક કર્મ ભોગવાઈને ક્ષય થઇ જવા છતાં પણ ભોગવેલી અવસ્થાનો વારંવાર અનુભવ કર્યે જ જાય છે. કયું કર્મ કયારે પૂરું થાય છે અને તેની સાથે તેવા જ કર્મનું અનુસંધાન કયારે થાય છે તે સર્વજ્ઞ સિવાયના અલ્પજ્ઞ જીવો જાણી શકે નહિ.

પચાસ લાખની ઇમારતનું ચણતર એક દિવસમાં પૂરૂં થાય નહિં. તે ઇમારત તૈયાર થતાં ઘણાં વર્ષ લાગે છે. સૂર્યોદયથી પ્રારંભેલું કાર્ય સૂર્યાસ્ત સુધીમાં અધૂરૂં જ રહે છે તે બીજે દિવસે આગળથી શરૂ કરવામાં આવે છે. આ પ્રમાણે હમેશાં કામ ચાલુ રહે તો વર્ષોના અંતે ઇમારત ચણાઈ રહે છે. આવી જ રીતે એક કર્મ ભોગવવાની શરૂઆત થાય છે તેની સમાપ્તિ માટે અનેક જીવનના ઉદયાસ્ત થાય છે. કેટલાક ટૂંકી સ્થિતિના કર્મ હોય છે કે જે ઉપાર્જન કરેલા જ જીવનમાં વપરાઈ જાય છે તે હલકાં અને નિરસ હોવાથી જીવને તેની અસર થતી નથી.

આવો તો નિયમ છે કે–પૂર્વસંચિત ભોગવાય છે અને તે જ સમયે બંધાતાં કર્મ ભાવીમાં ભોગવાય છે; પણ એવો નિયમ નથી કે ભોગવાતાં અને બંધાતાં બંને કર્મ એક જ પ્રકારનાં હોય. પુન્ય ભોગવતાં પુન્ય પણ બંધાય છે અને પાપ પણ બંધાય છે. તેવી જ રીતે પાપ ભોગવતાં પાપ પણ બંધાય છે અને પુન્ય પણ બંધાય છે. આ પ્રમાણે ભોગ અને બંધમાં અનિયમિતપણું છે. જેમકે સુખના સાચા કારણથી અણજાણ ધન–સંપત્તિ તથા આરોગ્યતા આદિ સુખના સાધન મેળવનારાઓ કષાયના આશ્રિત બની પાંચે ઇંદ્રિયોના વિષયોના આસકિત ભાવથી સુખ ભોગવતા પાપ પ્રવૃત્તિનો આદર કરવાથી ગાઢતમ અશુભ કર્મ બાંધે છે. ત્યારે સર્વ પ્રકારનું સુખ પુન્યથી મળે છે અને તેનું મૂળ ધર્મ છે એવી દૃઢ શ્રદ્ધાવાળા ધર્મની ઉપાસના કરીને પોતાની સુખી અવસ્થામાં સુખનો અનુભવ કરતાં પુન્ય બાંધે છે, કેટલાક પાપના ઉદયથી દુઃખ ભોગવતા હોય તેમને સત્સમાગમ થવાથી દુઃખ ટાળવા ધર્મની શ્રદ્ધા થાય છે અને પછી ધાર્મિક પ્રવૃત્તિ આદરે છે તો પણ સંચિત પાપનો ઉદય ચાલુ હોવાથી દુઃખ ભોગવતાં છતાં પણ પુન્ય બાંધે છે. ત્યારે પાપકર્મના ઉદયથી દુઃખના સાધન મેળવી સર્વ પ્રકારે દુઃખ ભોગવનારા ગાઢતમ અજ્ઞાનતાને લઇને હિંસા, ચોરી, વ્યભિચાર આદિ દુષ્કૃત્ય કરીને પાપ બાંધે છે. આવા જીવોને સત્સંગ થવા છતાં પણ ધર્મભાવના ઉત્પન્ન થતી નથી; કારણ કે ધર્મભાવનાનું ઉત્પાદક પુન્યકર્મ એમની પાસે હોતું નથી. જેમની પાસે ધર્મભાવના ઉત્પન્ન કરનાર કર્મ હોય છે અને તે ઉદયમાં આવે છે ત્યારે તે ગમે તેટલા દુઃખી અને પાપી કેમ ન હોય તો પણ તેઓ પાપથી નિવૃત્ત થઇને ધાર્મિક પ્રવૃત્તિઓ આદરે છે અને દુઃખી હોવા છતાં પણ ધર્મ કર્યે જાય છે.

પુન્ય કર્મ બે પ્રકારનાં હોય છે: એક તો પૌદ્ગલિક સુખના સાધન મેળવી આપે છે ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું આત્મિક સાચું સુખ પ્રગટ કરવાની ધાર્મિક સામગ્રી પ્રાપ્ત કરાવે છે. કોઇની પાસે બંને પ્રકારનું પુન્ય હોય છે અને કોઇએ એક જ પ્રકારનું પુન્ય ઉપાર્જન કરેલું હોય છે. બંને પ્રકારના પુન્યના ઉદયવાળામાંથી કોઇક તો નવું પુન્ય બાંધે છે અને કોઇક આત્મિક સાચા સુખને ઢાંકી દેનાર કર્મને ખસેડીને સ્વાભાવિક સુખ પ્રગટ કરે છે. સર્વજ્ઞોની દૃષ્ટિમાં જેમની-સંસાર યાત્રા સમાપ્ત થયેલી હોય છે તેઓ તો નવું પુન્ય કર્મ ન બાંધતાં બધાય કર્મનો ક્ષય કરી શાશ્વત સુખ ભોગવે છે. જે સુખ સાચું હોય છે તે શાશ્વતું જ હોય છે અને જે પૌદ્ગલિક જૂઠું સુખ હોય છે, જે પુન્યવાન જીવોના પૌદ્ગલિક-જડાત્મક વસ્તુઓના ભોગનો અંત આવેલો હોય છે અર્થાત્ સંસારમાં રહીને જન્મ-મરણ કરવાના નિયત થયેલા કાળનો છેડો આવી પહોંચ્યો હોય છે, ત્યારે તેઓ પૌદ્ગલિક વસ્તુઓથી સંપૂર્ણ વિરક્ત ભાવને પામે છે અને દેહની પણ ઝાઝી પરવા ન રાખીને સંપૂર્ણ દુઃખોનો નાશ કરવા પ્રભુના કહેવા પ્રમાણે વર્તીને અક્ષય સુખ મેળવે છે. જેમના સંસારનો છેડો કાંઇક દૂર હોય છે અર્થાત્ સંસારની પૌદ્ગલિક વસ્તુઓ ભોગવવાની કાંઇક બાકી હોય છે એવા બંને પ્રકારના પુન્યના ઉદયવાળા જીવો ઓછી આસકિતથી પૌદ્ગલિક સુખ ભોગવતાં અથવા તો ક્ષણિક સુખનો ત્યાગ કરી પ્રભુના માર્ગની આચરણા કરતાં પુન્ય બાંધે છે. આ પુન્ય અત્યંત ઉચ્ચ પ્રકારનું હોય છે અને તેના ઉદયથી ઊંચી કોટીના પૌદ્ગલિક સુખ મળે છે કે જેને ભોગવતાં અનાસક્તિ હોવાથી પાપ કર્મ બાંધતા નથી અને ધર્મની વાસનાથી આત્માને વિશેષ પ્રમાણમાં વાસિત કરે છે. ભવસ્થિતિ પરિપકવ થવાથી ચરમ શરીરને ધારણ કરવાવાળા સંસારના કિનારે રહેલા જીવો બંને પ્રકારના પુન્યવાળા હોય અથવા તો કેવળ ધાર્મિક પ્રવૃત્તિમાં દોરનાર એક જ પુન્યવાળા હોય અર્થાત્ ધન સંપત્તિ આદિ પૌદ્ગલિક સુખની સામગ્રીવાળા હોય કે કંગાળદશા ભોગવતા હોય. બન્ને આત્મિક સુખને લક્ષ્યમાં રાખીને ક્ષણિક સુખનો સર્વથા ત્યાગ કરી કર્મોની નિર્જરા કરે છે પણ પુન્ય બાંધતા નથી.

જ્યાં સુધી મોહનીય કર્મનો ક્ષય,-ક્ષયોપશમ કે ઉપશમ હોતો નથી અને આત્મા ઉપર બળવત્તર દબાણ હોય છે ત્યાં સુધી પુન્ય અથવા તો પાપનું ફળ ભોગવનારાઓમાંથી કોઇપણ આત્મસ્વભાવસ્વરૂપ સાચું સુખ પ્રગટ ન થવા દેનાર કર્મની નિર્જરા કરી શકતું નથી. પણ જો મોહનીય કર્મનો ક્ષય અથવા તો ઉપશમ આદિ થયો હોય તો તે સુખ ભોગવતો હોય કે દુઃખ ભોગવતો હોય તે કર્મની સાચી અને સારી રીતે નિર્જરા કરી શકે છે. અને પુન્ય અથવા તો પાપ અલ્પ પ્રમાણમાં બાંધે છે. કદાચ ભવસ્થિતિ પાકતાં વાર હોય એટલે કે પાંચ-સાત જન્મ ધારણ કરવાના બાકી હોય તો પુન્ય વધુ પ્રમાણમાં ઊંચા પ્રકારનું બાંધે છે પણ પાપ તો અલ્પ પ્રમાણમાં તથા હલકા પ્રકારનું બાંધે છે.

કર્મની નિર્જરા-ક્ષય બે પ્રકારે છે: એક તો સાચી અને એક દેખાવ માત્ર. મોહનો ક્ષય થતાં સાથે જે કર્મોની નિર્જરા થાય છે તે સાચી હોય છે; કારણ કે ક્ષય થયેલાં કર્મનો બંધ ફરીને થતો નથી. પછી તે પુન્ય હોય કે પાપ હોય તેની મોહના ક્ષય સાથે નિર્જરા થવાથી ફરીને ન બંધાવાથી તેના ફળસ્વરૂપ સુખ-દુઃખ આત્માને ભોગવવું પડતું નથી. મોહનો ક્ષયોપશમ કે ઉપશમ થતાં જે નિર્જરા થાય છે તે પણ સાચી જ છે. તાત્પર્ય કે મોહનો અંશ માત્ર પણ ક્ષયોપશમ ન હોય ત્યાં સુધી આત્મા શુભાશુભ ભોગવતાં ભોગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વતાં ભોગવાયલા માત્રની નિર્જરા કરે છે અને પાપકર્મ વધુ પ્રમાણમાં અને તીવ્રતર બાંધે છે. અને ઉપશમ આદિ ભાવમાં વિકાશની પ્રભા પ્રગટ થવાથી આત્માની શુદ્ધિ સારી થાય છે.

મોહના દબાણથી આત્મા સાચી વસ્તુને ઓળખી શકતો નથી. દેહને જ આત્મા માને છે અને પોતાને ભૂલી જાય છે. પુન્ય કર્મના ઉદયથી મળેલા પૌદ્ગલિક સુખને જ સાચું સુખ માની તેને મેળવવા અને મળેલાને જાળવી રાખવા નિરંતર પ્રવૃત્તિ કરે છે. પોતે દેહને જ આત્મા માનતો હોવાથી ધાર્મિક પ્રવૃત્તિ પણ ક્ષણિક સુખ માટે કરે છે. જપ-તપ-કષ્ટાનુષ્ઠાન પણ પાંચે ઇંદ્રિયોના અનુકૂળ વિષયો મેળવવાની ઇચ્છાથી કરે છે અને તે તેની તપસ્યા આદિની અવસ્થામાં આંખ-કાન અને સ્પર્શ ઇંદ્રિયોના અનુકૂળ વિષયની પ્રાપ્તિથી થવાવાળી પ્રસન્નતા ચિત્તનું પ્રફુલ્લિતપણું સ્પષ્ટ બતાવી આવે છે. આ પ્રમાણેના પ્રવૃત્તિથી તે પુન્ય બાંધી શકે પણ નિર્જરા કરી શકે નહિં. અને જો મોહના ઉપશમ આદિથી એથી પણ ઓછું કષ્ટાનુષ્ઠાન કરતો હોય તો તે પોતાને ઓળખતો હોવાથી તેને પૌદ્ગલિક સુખ તરફ સ્વાભાવિક અરૂચી રહે છે માટે તે વિષયોને અસાર તથા તુચ્છ સમજીને ચિત્તવૃત્તિને સાચા સુખની વાટે વાળે છે.

પુદ્ગલાનંદી જીવને પુન્ય બાંધવું ગમે છે પણ નિર્જરા ગમતી નથી; કારણ કે નિર્જરાથી પૌદ્ગલિક સુખ મળી શકતું નથી. પણ પુન્યથી મળે છે માટે જ કોઈ પણ પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિ આદરતાં ક્ષણિક સુખની ઇચ્છા રાખી પુન્ય બાંધે છે. તપસ્યાથી નિર્જરા સારી થાય છે છતાં કઠણ તપ કરનારાઓ પ્રાયઃ વિશેષ ક્રોધી જણાય છે તેથી તેની જડાસક્તિનું માપ કાઢી શકાય છે; કારણ કે ક્રોધ મોહનું અંગ છે તે અનુકૂળ વિષયની પ્રાપ્તિ ન થવાથી થાય છે. જેને લઇને ધર્મ નિમિત્તે કષ્ટ સહન કરવા છતાં પણ પાપની નિર્જરા અલ્પ પ્રમાણમાં કરે છે અને કાંઈક પુન્ય બાંધે છે જેને દેવગતિમાં અથવા તો માનવ ગતિમાં શ્રીમંત તથા રાજા મહારાજા બનીને ભોગવે છે પણ મિથ્યાત્વ મોહથી પાપ માર્ગે વળી પાપ બાંધી તેને ભોગવવા માઠી ગતિ મેળવે છે.

ભવસ્થિતિની કચાશવાળા સંસારવાસી આત્માઓને પુન્યની અત્યંત આવશ્યકતા રહે છે. જ્યાં સુધી સંસારમાંથી મુકાઇને પોતાનું સાચું સુખ મેળવે નહિં ત્યાં સુધી પુન્ય જીવને સહાયક છે. પૌદ્ગલિક તેમજ આત્મિક બંને પ્રકારના સુખની સામગ્રી પુન્યથી જ મળી શકે. પાપ પુન્યથી તદ્દન વિપરીત છે. પાપની અધિકતાથી જીવ પૌદ્ગલિક સુખથી રહિત હોવાથી પાપને જ પુષ્ટિ આપનાર પ્રવૃત્તિ કરે છે, જેથી પાપ પુષ્ટ બનીને ભવાંતરમાં જીવને અસહ્ય યાતનાઓનો ભોગી બનાવે છે અને અનેક જન્મ સુધી પૌદ્ગલિક સુખનો સંપર્ક પણ થવા દેતું નથી તેમજ સાચું સુખ મેળવવાની સામગ્રીથી સદા સર્વદા વંચિત જ રાખે છે જેથી કરી જીવ સંસારના પ્રવાસનો અંત આણી શકતો નથી; માટે તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં દરેક આત્માઓને પાપનો ઉદય સર્વથા હાનિકારક છે તો તેની ઉત્પાદક પાપવૃત્તિને છોડી દઈને બંને પ્રકારના સુખને મેળવી આપનાર પુન્ય બાંધવાને ધાર્મિક જ પ્રવૃત્તિ કરવી ઉચિત જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનસારના બત્રીસ અષ્ટકનો સંક્ષિપ્ત સાર.

લેખકઃ—મુનિશ્રી પુણ્યવિજયજી સંવિજ્ઞપાક્ષિક

( ગતાંક પૃષ્ઠ ૨૭ થી શરૂ. )

**૧૭. નિર્ભયવાન**—આત્માથી ભિન્ન પદાર્થો કે જે દેહ વિષયાદિમાં સુખ આદિની આકાંક્ષા, આલોકાદિ સાત પ્રકારનો ભય, વિષયાદિમાં સુખપ્રાપ્તિ આદિ ભ્રમ અને સાંસારિક પ્રવૃત્તિ વિગેરે પાપપ્રવૃત્તિનો નાશ કરવાથી નિર્ભયવાન્ થવાય છે. જે મહામુનિને કંઇ ગોપ્ય નથી, આરોપ્ય નથી, હેય નથી, દેય નથી અને જ્ઞાને કરીને જ્ઞેયને જાણે છે તેમને કોઇ ઠેકાણે ભય નથી.

**૧૮. અનાત્મશંસા**—સ્વગુણરૂપી દોરડાનું આલંબન કરે તો તેના હિતના માટે થાય છે, પરંતુ પોતે જ સ્તુતિ કરતો ભવસમુદ્રમાં પડે છે; માટે આત્મગુણ પ્રશંસા ત્યાગ કરવા યોગ્ય છે. પૂર્વના પુરુષોથી અત્યંત નીચત્વ ભાવવું, પ્રત્યેક આત્માને વિષે તુલ્ય દષ્ટિએ કરીને શુદ્ધ પર્યાયો જેણે જાણ્યા છે એવાં મહા મુનિને ઉત્કર્ષ એ અશુદ્ધ પર્યાય હોવાથી નથી હોતો.

**૧૯. તત્ત્વદષ્ટિ**—જેની દષ્ટિ રૂપવતી છે તે રૂપને જોઇને રૂપને વિષે મોહ પામે છે, અને જેની અરૂપી તત્ત્વદષ્ટિ છે તે નિરૂપ એવા આત્મામાં મગ્ન છે. બાહ્યદષ્ટિ તે અતત્ત્વદષ્ટિ અને અંતરદષ્ટિ તે તત્ત્વદષ્ટિ જાણવી. તત્ત્વદષ્ટિથી જોઇએ ત્યારે જ વસ્તુના સત્ય સ્વરૂપનું ભાન થાય છે. બાહ્યદષ્ટિ જીવ ભસ્મે કરીને, કેશલોચે કરીને, શરીર ઉપર રાખેલા મલિન વસ્ત્રોએ કરીને પોતાને મોટો માને છે, તત્ત્વદષ્ટિ જ્ઞાન સામ્રાજ્યે કરીને પોતાને ગરિષ્ટ જાણે છે-માને છે.

**૨૦. સર્વ સમૃદ્ધિવાન્**—બાહ્યદષ્ટિનો પ્રચાર નિરૂદ્ધ કર્યે છતે મહાત્મા મુનિને સર્વ સમૃદ્ધિઓ આત્માને વિષે પ્રત્યક્ષ દેખાય છે, ' બાહિ દષ્ટિ દેખતાં, બાહિર મન ધાવે; અંતરદષ્ટિ દેખતાં, અક્ષયપદ પાવે '

**૨૧. કર્મવિપાક ચિન્તન**—સર્વ જગત્ કર્મવશ છે, એમ જાણી મુનિ સુખથી હર્ષ પામતાં નથી, તેમજ દુઃખથી ભય પામતાં નથી. પ્રશમશ્રેણિ પર આરૂઢ થયેલા શ્રુતકેવલી પણ અશુભ કર્મના ઉદયથી બહુલ સંસારી થાય છે તો બીજાની શી વાત ? ઉદયમાં આવેલા સર્વ કર્મો ક્ષય થવાના છે એમ સમજી તુલ્યદષ્ટિ ધારણ કરે છે, તે જ યોગી સહજાનંદરૂપ પ્રાપ્ત કરે છે. કર્મવિપાક છેલ્લા પુદ્ગલપરાવર્ત્તની હદમાં પહોંચ્યા વિનાના જીવોને આરક્ષણ કરવા છતાં એટલે છેલ્લાથી અન્ય પુદ્ગલપરાવર્ત્તમાં દેખતાં છતાં ધર્મને હરે છે, અને ચરમ પુદ્ગલપરાવર્તવાળા સાધુનું તો પ્રમાદાદિરૂપ છિદ્રો જોઇને ધર્મને અતિ મલિન કરે છે જેથી પ્રમાદાદિને અવકાશ આપવા ન દેવો. જે પ્રમાદ વિગેરેથી શ્રુતકેવળી જેવા મહાપુરુષ પણ અનંતસંસારી થાય છે.

**૨૨. ભવઉદ્વેગ**—આ સંસારનો પાર પામવા માટે મુનિ મરણની બીકે રાજાના ભયથી તેલનું વાસણ ગ્રહણ કરનાર અને રાધાવેધને સાધવા વિષે જેમ ઉદ્યમવંત થવાય છે, તેવી રીતે મુનિ ધર્મક્રિયાને વિષે એકાગ્ર હોય છે. જેમ ઝેરનું ઓસડ ઝેર છે, તેમ ભયનું ઓસડ ભય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપસર્ગાદિ ભય જ્યારે પ્રાપ્ત થાય ત્યારે સંસારથી બ્હીતા એવા સાધુ તે ઉપસર્ગને સમ્યક્ પ્રકારે સહન કરે છે અને નિર્ભય રહે છે. વ્યવહારમાં સ્થિત સાધુ આ સંસારની ભીતિ ધ્યાવે, પરંતુ નિજભાવમાં રમણ કરનારને ભવભયનો અવકાશ રહેતો નથી.

૨૩. **લોકસંજ્ઞા ત્યાગ**—ભવરૂપી દુર્ગમ પર્વતનું ઉલ્લંઘન કરી શકે એવા છઠ્ઠા ગુણસ્થાને પ્રાપ્ત કરીને લોકોત્તર જેની સ્થિતિ છે, એવા મુનિ લોકસંજ્ઞાને વિષે રક્ત થાય નહિ. ઘણા માણસો લોકસંજ્ઞાને અનુસરનારા પણ તેથી પ્રતિકૂળ જનાર એક મુનિરાજ છે, તેમ શુદ્ધ માર્ગને અનુસરનાર બહુ જ વિરલ હોય છે. લોકસંજ્ઞાનો ત્યાગી, મત્સર-મમતા વિગેરે જેના નાશ થઇ ગયા છે તે સાધુ સુખમાં રહે છે. લોકનું અવલંબન કરીને બહુ જણાએ કરેલું કર્ત્તવ્ય હોય તો મિથ્યાદષ્ટિનો ધર્મ કદિ તજવા યોગ્ય થાય નહિ. લોકસંજ્ઞાએ કરીને હણાએલા એવા પોતાના સત્ય વ્રતરૂપ અંગમાં થયેલી મર્મ પ્રહારની મહાવ્યથાને નીચું ગમન કરવું ઇત્યાદિ કરીને દર્શાવે છે. આત્મસાક્ષિક ધર્મમાં લોકયાત્રાએ કરીને શું કામ છે? લોકમાં શ્રેયની ઇચ્છાવાળા બહુ છે પણ લોકોત્તરમાં બહુ નથી. રત્નનાં વ્યાપારીઓ હંમેશાં થોડા છે, તેમ સ્વાત્મસાધક પણ બહુ થોડા છે.

**૨૪. શાસ્ત્રરૂપી દષ્ટિ**—જ્ઞાની પુરુષ શાસ્ત્રરૂપી નેત્રથી સર્વભાવને જુએ છે. શાસ્ત્ર આજ્ઞામાં સ્વેચ્છાચારી છે તેઓની શુદ્ધ બેંતાલીસ દોષ રહિત ભિક્ષા આદિ તે પણ તેને હિતકારી થતાં નથી, જ્ઞાનાદિ ગુણની વૃદ્ધિ કરનાર નથી કારણ કે મિથ્યાત્વ, અજ્ઞાનાદિ દોષોથી તેનું હ્રદય દૂષિત છે. શાસ્ત્રમાં કહેલા આચારને પાળે છે અને શાસ્ત્ર એ જ જેના ચક્ષુ છે એવા જ મુનિ પરમપદને પામે છે.

**૨૫. પરિગ્રહ ત્યાગ**—પરિગ્રહનું જોર એટલું બધું છે કે-તેને વશ થયેલા મુનિવરોની પણ સંગ દોષથી મતિ નષ્ટ થાય છે. પરિગ્રહરૂપી ગ્રહના આવેશથી દૂષિત વચનોરૂપી ધુલીને વેરનાર લિંગિઓના-મુનિવેષ ધારણ કરનારાઓના વિકૃત પ્રલાપો શું સંભળાતા નથી? અર્થાત્ ઘેલછાના પ્રલાપો સંભળાય છે. પુત્ર-કલત્રનો જેણે ત્યાગ કર્યો છે અને મૂર્છાથી જે રહિત છે તથા જ્ઞાન માત્રમાં જે પ્રતિબદ્ધ છે એવા યોગીને પુદ્ગલજનિત બંધનથી શું? બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહને તૃણવત્ તજી દઇને જે ઉદાસીન ભાવને ભજે છે, તે જ સાચા મુનિ જાણવા. મૂર્છાએ કરીને જેની બુદ્ધિ આચ્છાદિત છે તેને સર્વ જગત્ પરિગ્રહ છે અને મૂર્છાથી જે રહિત છે તેને જગત્ અપરિગ્રહ છે.

**૨૬. અનુભવ જ્ઞાન**—સર્વ શાસ્ત્રનો વ્યાપાર માત્ર દિગ્દર્શન દિશા માત્ર દેખાડનાર છે, પણ એક અનુભવ જ ભવસમુદ્રનો પાર પમાડે છે. વિશુદ્ધ અનુભવ વિના સેંકડો શાસ્ત્ર યુક્તિઓથી પણ અતીન્દ્રિય પરબ્રહ્મનું જ્ઞાન થતું નથી એમ પંડિતો કહે છે. ક્ષુધા અને તૃષા, શોક અને મોહ, કામ, કષાય વિગેરેના અભાવે કરીને પણ નિઃકલેશ છે એવો શુદ્ધ બોધ વિના લીપીમય, અક્ષરમય, વાણીમય અથવા હ્રદયને વિષે જલ્પાકારરૂપ ચિંતન એ પ્રમાણે ત્રણ રૂપવાળી દૃષ્ટિથી જોઇ શકે નહિ, પણ ઇષ્ટાનિષ્ટ વિકલ્પનો વિરહ થવાથી (મિથ્યાત્વ, અજ્ઞાન ને મોહના અભાવથી) જ અનુભવ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અનુભવે કરીને જ સ્વસંવેદ્ય પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.

**૨૭ યોગવાન્**—આત્માને મોક્ષની સાથે જોડવાથી સર્વ આચાર પણ યોગ કહેવાય છે. તેના ભેદ કરીને સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબન તે જેને ગોચર છે તે યોગ કહેવાય છે. પહેલા બે ક્રિયાયોગ છે, પછીના ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનયોગ છે. તે સ્થાનાદિના પ્રત્યેક ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધ એ ચાર ભેદો છે. એ પ્રમાણે વીસ યોગ પણ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાનના ભેદે ચાર પ્રકારે છે. આ બધા મળીને યોગના એંસી પ્રકાર થાય છે. તે સકલ યોગથી શૈલેશી યોગની પ્રાપ્તિ થવાથી અનુક્રમે મોક્ષયોગ સિદ્ધ થાય છે. સ્થાનાદિ યોગથી જે રહિત છે, તેને તીર્થે ઉચ્છેદાદિનું આલંબન કરીને પણ સૂત્ર ભણાવવામાં મહાદોષ છે, એમ પૂર્વાચાર્યો કહે છે.

**૨૮. નિયાગ**—ચૈતન્યના સ્વભાવમાં આત્માને જેણે અર્પણ કર્યો છે, વિકારનો જેણે ત્યાગ કર્યો છે, સાધુના શુદ્ધ આચારને જે પાળે છે અને પરમેશ્વરની અષ્ટ પ્રકારે ભાવપૂજા એ જ મુનિનું કર્ત્તવ્ય છે એમ જે યથાર્થ સમજે છે એવા બ્રહ્મવેદી પાપથી લેપાતા નથી.

**૨૯ પૂજા**—દયારૂપી જળથી સ્નાન, સંતોષરૂપી ઉજ્વળ વસ્ત્રો ધારણ કરનાર, વિવેકરૂપી તિલક, ભાવનાએ કરીને જેનો આશય પવિત્ર છે એવા ભક્તિ અને શ્રદ્ધારૂપી કેસરમિશ્રિત ચંદન રસવડે નવવિધ બ્રહ્મચર્યરૂપ અંગે શુદ્ધ આત્મારૂપ દેવની પૂજા કરવાથી ભાવપૂજા થાય છે. ગૃહસ્થોને ભેદપૂર્વક ઉપાસના કરવારૂપ દ્રવ્યપૂજા ઉચિત છે અને અભેદ ઉપાસનારૂપ ભાવપૂજા સાધુને યોગ્ય છે.

**૩૦ ધ્યાન**—ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનું ત્રિક જેનું એકતાને પામ્યું છે, એવા અનન્યચિત્ત મુનિને કાંઈ દુઃખ હોતું નથી. અંતરાત્મા ધ્યાતા છે, પરમાત્મા ધ્યેય છે અને એકાગ્રબુદ્ધિ એ ધ્યાન છે. એ ત્રણેની સમાપત્તિ તે એકતા છે. ધ્યાનથી વૃત્તિનો અભાવ થયે છતે મણિને વિષે પ્રતિબિંબ પડે છે, તેમ નિર્મળ અંતરાત્મામાં પરમાત્માની સમાપત્તિ થાય છે. એમ ધ્યાનના ત્રિવિધ ફળથી વીસસ્થાનક તપ વિગેરે ઘટે છે. ઉક્ત ત્રિવિધ ધ્યાનફળ રહિત તપાદિ કષ્ટ તો અભવ્ય આદિને પણ સંસારમાં દુર્લભ નથી.

**૩૧ તપ**—કર્મોનું જ્વલન કરવાથી જ્ઞાન એ જ તપ છે, એમ તત્ત્વજ્ઞો કહે છે. તે આભ્યંતર તપ ઇષ્ટ છે. બાહ્ય તપ તેને વધારનાર છે. અજ્ઞાનીની સંસારના પ્રવાહને અનુસરનારી 'હું લોકોની સાથે હોઇશ' ઇત્યાદિ લક્ષણવાળી આનુશ્રોતસિકી પ્રવૃત્તિ હોય છે, જ્ઞાનવંતની પ્રતિશ્રોત–સામે પૂરે ચાલવારૂપ ધર્મસંજ્ઞામૂલક ઉગ્ર માસક્ષપણાદિ પ્રવૃત્તિ હોય છે. એથી જ ચતુર્જ્ઞાની પોતે તદ્ભવસિદ્ધિગામી છે એમ જાણતાં છતાં તપ આદરે છે. ભવથી વિરકત થયેલા, તત્ત્વજ્ઞાનના અર્થીને ધનના અર્થીની જેમ શીત તાપાદિ દુઃસહ નથી. તે જ તપ કરવો કે જેને વિષે દુર્ધ્યાન નથી, જેને વિષે યોગહીન થતાં નથી અને ઇન્દ્રિયોનો નાશ થતો નથી.

**૩૨. સર્વનય આશ્રય**—ચારિત્ર ગુણમાં જે લીન છે, તે સર્વ નયના ધારક હોય છે. સમવૃત્તિવાળા સર્વ નયાશ્રિત જ્ઞાની આત્મસુખનો આસ્વાદ કરે છે. સર્વ નયના જાણનારાઓનું તટસ્થપણું લોકને વિષે ઉપકારરૂપ થાય છે. પૃથક નય કરીને જે મૂઢ છે તેને અહંકારની પીડા અને કલહ ફળની પ્રાપ્તિ થાય છે. લોકના હિતને માટે સર્વ નયાશ્રિત મત જેણે પ્રકાશિત કર્યો છે અને જેના ચિત્તમાં તે પરિણત થયો છે તેને વારંવાર નમસ્કાર છે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિક્રમરાજાને જૈનધર્મી બનાવનાર શ્રી સિદ્ધસેન દિવાકર

॥ લેખક આચાર્ય શ્રી **વિજયપદ્મસૂરિ** ॥

અવિચ્છિન્ન પ્રભાવશાલી, ત્રિકાલાબાધિત શ્રી જૈનેન્દ્ર શાસનરૂપી ગગનાંગણને દીપાવનારા સૂર્ય જેવા મહાપુરુષોની નામાવલિમાં શ્રી સિદ્ધસેન દિવાકરને પણ ગણ્યા છે. આ સિદ્ધસેન દિવાકર મહારાજા. પાદલિપ્તસૂરિની શિષ્યપરંપરામાં થયેલા શ્રી સ્કંદિલાચાર્યના શિષ્ય વૃદ્ધ વાદી નામના આચાર્યના મહાપંડિત શિષ્ય હતા. તેમનો જન્મ બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમના પિતાનું નામ દેવર્ષિ ને માતાનું નામ દેવશ્રી( દેવસિકા ) હતું. જન્મસ્થાન અવંતી હતી અને તેમનું કાત્યાયનગોત્ર હતું. તેમની બુદ્ધિ બાલ્યાવસ્થાથી જ બહુ જ તીવ્ર હતી. તેથી તેઓ સમર્થ વાદીઓની સાથે પણ વાદ કરતા પાછા ન હઠતા હતા. આ જ કારણથી તે સમયના વાદીઓમાં તેઓશ્રી અગ્રગણ્ય ગણાતા હતા.

## ॥ વૃદ્ધવાદી ॥

વિદ્યાધર ગચ્છના શ્રી પાદલિપ્તસૂરિની પરંપરામાં થયેલા શ્રી સ્કંદિલાચાર્ય મહારાજાની વૈરાગ્યમય દેશના સાંભળીને સંસારને મસાણીયા લાડવાની જેવા માનતા મુકુંદ નામના વૃદ્ધ બ્રાહ્મણે તેમની ( સ્કંદિલાચાર્યની ) પાસે પરમ ઉલ્લાસથી દીક્ષા ગ્રહણ કરી તેની નિર્મલ મને આરાધન કરવા લાગ્યા. શ્રી જૈનેન્દ્ર શાસનનું ફરમાન છે કે–છેવટે ભાગ્યયોગે ઘડપણમાં પણ સંયમને આરાધના કરનારા ધન્ય પુરુષો–સ્વાત્મ કલ્યાણ કરી દેવતાઇ વિમાનનાં સુખ જલ્દી પામે છે. કહ્યું છે કે–**पच्छावि ते पयाया खिप्पं गच्छंति अमरभवणाइं** કોઈપણ ઉપાયે અલ્પ પણ સંયમની આરાધના જરૂર મનુષ્ય ભવમાં કરવી એ જ નરભવપ્રાપ્તિનું મુખ્ય સાધ્યબિંદુ છે. આ વાતને લક્ષ્યમાં રાખીને શ્રી ભગવતીજી આદિમાં સંસ્તારક દીક્ષાનું પણ નિરૂપણ કર્યું છે. આવા અનેક કારણોથી વૃદ્ધ દીક્ષાની પણ અનુમોદના કરી છે. એક વખત તે વૃદ્ધ મુનિ રાતે મોટા સ્વરે પાઠ ગોખતા હતા. તે સાંભળીને શ્રી ગુરુમહારાજે તેને કહ્યું કે–હે મહાનુભાવ ! રાતે ઘાંટા પાડીને ન ગોખાય. વૃદ્ધ. મુનિ ગુરુદેવની હિતકર શિક્ષા પ્રમાણે રાતે પાઠ નહિ કરતા દિવસે ઊંચે સ્વરે પાઠ ગોખવા લાગ્યા. તે સાંભળીને શ્રાવકો હસતાં હસતાં બોલ્યા કે–આ ઘરડા: સાધુ ભણીને શું સાંબેલું નવપલ્લવિત કરશે ? (ફૂલાવશે) તે સાંભળી ખેદ પામેલા વૃદ્ધમુનિએ વિદ્યા મેળવવા માટે એકવીસ ઉપવાસ કરી સરસ્વતીની આરાધના કરી તેથી સરસ્વતીએ પ્રસન્ન થઈને તે વૃદ્ધમુનિને કહ્યું કે–હું તમને રાજી થઇને વરદાન આપું છું કે 'તમે સર્વ વિદ્યાઓના પારગામી થશો.' આ વરદાન મળવાથી આનંદિત થયેલા તે વૃદ્ધ મુનિએ ચૌટામાં જઈ એક સાંબેલું જમીન ઉપર ઊભું રાખી, તેને અચિત્ત પાણી રેડી સિંચવા લાગ્યા. ને નીચે જણાવેલા શ્લોક બોલીને તે સાંબેલાને નવપલ્લવિત કર્યું એટલે પાંદડા ફૂલ ફળવાળું બનાવ્યું. તે શ્લોક આ પ્રમાણે જાણવો. (अनुष्टुछंद) **अस्मादृशा अपि जडा भारति! त्वत्प्रसादतः। भवेयुर्वादिनः प्राज्ञा मुशलं पुष्प्यतां तदा ॥ १ ॥** અર્થ–હે સરસ્વતિ દેવિ ! અમારી જેવા જડ મનુષ્યો પણ તારી મહેરબાનીથી પંડિત વાદી બને, તો આ સાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેલું પણ પુષ્પિત ( ફૂલવાળું ) થઇ જાય. આ ચમત્કાર જોઇને જેમ ગરૂડનું નામ સાંભળીને સર્પ ભાગી જાય, તેમ તે વૃદ્ધમુનિનું નામ સાંભળતાની સાથે વાદી લોકો નાસી જવા લાગ્યા. આ બનાવ જોઇને પ્રસન્ન થયેલા શ્રી સ્કંદિલાચાર્ય ભગવંતે, તે પરમવિનીત વૃદ્ધ મુનિને સૂરિપદથી અલંકૃત કર્યા. ( આચાર્ય બનાવ્યા.)

હવે પૂર્વે જણાવેલા પંડિત સિદ્ધસેને અભિમાનથી એવી પ્રતિજ્ઞા કરી હતી કે ' મને જે કોઇ પંડિત વાદમાં જીતે, તેનો હું શિષ્ય થઇ જાઉં. ' એક વખત આચાર્યશ્રી વૃદ્ધવાદીની કીર્તિ સાંભળીને તેને સહન નહિ કરતો વાદ કરવાની ઇચ્છાએ તે અભિમાની સિદ્ધસેન બ્રાહ્મણ ભરૂચ તરફ જતો હતો ત્યાં રસ્તામાં તેને વૃદ્ધવાદીજી મળ્યા. માંહોમાંહે વાત કરતાં સિદ્ધસેને કહ્યું કે 'હે વૃદ્ધવાદી ! તમે મારી સાથે વાદ કરો' વૃદ્ધવાદી બોલ્યો કે-હું વાદ કરવા તૈયાર છું પણ આપણા બેના વાદમાં જયપરાજયનો નિર્ણય કરનાર કોઈ મધ્યસ્થ પુરુષ અહીં જોઇએ, તે ન હોય તો જયપરાજયનો ફેંસલો કોણ આપશે ? તેવો પુરુષ અહીં કોઇ દેખાતો નથી. તે સાંભળી અભિમાની સિદ્ધસેને કહ્યું કે-' આ પડખે ઉભેલા ગોવાળીઆઓ મધ્યસ્થ થાઓ. ' વૃદ્ધવાદીએ તેમને મધ્યસ્થ કરવાની કબૂલત આપી. ગોવાળોને મધ્યસ્થ રાખી વૃદ્ધવાદીએ કહ્યું કે-હે સિદ્ધસેન ! પ્રથમ તું જ વાદ શરૂ કર. આ વચન સાભળીને સિદ્ધસેન તર્કશાસ્ત્રની અવચ્છેદકાવચ્છિન્નની શૈલીવાળી કઠોર સંસ્કૃત ભાષા બરાડા પાડીને બોલવા લાગ્યા. તે સાંભળીને ગોવાળોએ કહ્યું કે-આ વાચાળની માફક બોલ્યા જ કરે છે, કાંઇ સમજતો નથી ને ભેંસની જેમ બરાડા પાડી કાન ફોડી નાંખે છે માટે મૂર્ખ લાગે છે. તેથી હે વૃદ્ધ ! તમે કંઇ કાનને સારું લાગે તેવું બોલો. ગોવાળનું વચન સાંભળીને અવસરના જાણ તે આચાર્ય મહારાજ સંગીતના સ્વર પ્રમાણે છંદ વગેરે તરફ લક્ષ્ય રાખી તાબોટા વગાડવાપૂર્વક આ રીતે બોલ્યા.

**नवि मारइं नवि चोरइं, परदारगमण निवारिइं ॥**
**थोवा थोवं दाइइं, तउ सग्गिं टगाटग जाइयइं॥१॥**

**અર્થ**-જો કોઇપણ જીવને ન મારીએ, ચોરી ન કરીએ, ને પરસ્ત્રીગમનનો ત્યાગ કરીએ, તથા થોડામાંથી થોડું પણ દાન દઇએ, તો સ્વર્ગમાં જરૂર જઇએ. ૧

॥ दुहा ॥

**गेहुं गोरस गोरडी, गज गुणीअण ने गान ॥**
**छ गग्गा जो इहां मिले, तो सग्गहशुं शुं काम ॥२॥**

અર્થ ૧-ઘઉં, ૨-દૂધ, દહીં વગેરે ગોરસ, ૩ સ્ત્રી, ૪ હાથી, ૫ ગુણિજનની સાથે વાતચીત કરવી અથવા ગુણિજનની સોબત, અને ગાનતાન એ છ (૬) ગકાર જો અહીં મળે તો પછી સ્વર્ગની શી જરૂર છે ? અર્થાત્ કંઈ જરૂર નથી. આ છ ગગ્ગાને પામેલા જીવો અહીં સ્વર્ગના જેવું સુખ ભોગવે છે.

(ભાષાની દૃષ્ટિએ વિચારતાં આ બે ગાથાની ભાષા સાથે હાલની ભાષા ઘણે અંશે મળતી આવે છે એથી એમ સમજાય છે કે દેશી ભાષા ઘણી પ્રાચીન છે.)

વૃદ્ધવાદી આ બે ગાથા રાગમાં બોલતા હતા ત્યારે ગોવાળીઆઓને રસ પડવાથી તેઓ પણ નાચવા કૂદવા લાગ્યા. રાજી થઇ તેમણે કહ્યું કે-આ વૃદ્ધે આ બ્રાહ્મણને હરાવ્યો.

આ પ્રમાણે પોતાની હાર સાંભળીને સત્ય પ્રતિજ્ઞાવાળા સિદ્ધસેને વૃદ્ધવાદીને હાથ જોડીને વિનયપૂર્વક કહ્યું કે-' હે આચાર્ય મહારાજ ! મને દીક્ષા દઇ આપનો શિષ્ય બનાવો. ' વૃદ્ધવાદીએ સિદ્ધસેનને કહ્યું કે-' હજુ આપણે વાદ કરવા માટે રાજસભામાં જઇએ ' પછી બંને જણાંએ રાજસભામાં જઇને વાદ કર્યો ત્યાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસરના જાણુ સૂરિજી જીત્યા. તેમણે સિદ્ધસેનને દીક્ષા આપી પોતાના શિષ્ય બનાવ્યા.

આ પ્રસંગમાંથી સમજવાનું એ મળે છે કે-ખરી વિદ્વત્તા અવસરનું જ્ઞાન હોય તો જ સફલ નીવડે છે. શ્રી સિદ્ધસેન મુનિરાજ બૌદ્ધાદિ શાસ્ત્રોના જાણકાર તો હતા જ પણ અવસરના જાણ ન્હોતા જ્યારે તેઓ જૈન શાસ્ત્ર પ્રવીણ બન્યા ત્યારે ગુરુશ્રી વૃદ્ધવાદી આચાર્ય મહારાજે તેમને આચાર્ય બનાવી દિવાકર પદવીથી વિભૂષિત કર્યા.

શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજ પંખીના દૃષ્ટાંતે પૃથ્વીતલ ઉપર વિહાર કરતા કરતા ને ઘણાં જીવોને ધર્મોપદેશ દઇને સુખી કરતા એક વખત અવંતી નગરીમાં પધાર્યા. છેટેથી આવતા દિવાકરજી મહારાજને જોઇને વિક્રમ રાજાએ વિચાર્યું કે-લોકો આ સૂરિજી મહારાજને 'સર્વજ્ઞપુત્ર' તરીકે જાહેર કરે છે એ વાત સાચી છે કે ખોટી ? તેની હું પરીક્ષા કરૂં. આ ઈરાદાથી નરપતિ વિક્રમે મનથી જ સૂરિજીને નમસ્કાર કર્યો. ઇંગિતાકારાદિ ચિહ્નોથી રાજાની આ ભાવના જાણી લઈને સૂરિજી મહારાજે તેમને ( વિક્રમાદિત્યને ) ઊંચે સ્વરે ધર્મલાભ આપ્યો.

રાજા—હે દિવાકરજી મહારાજ ! મેં તમને નમસ્કાર કર્યો નથી છતાં આપશ્રીજીએ મને ધર્મલાભ કેમ આપ્યો ?

સૂરિજી—તમે મનથી મને નમસ્કાર કર્યો, તેથી મેં તમને ધર્મલાભ આપ્યો છે.

રાજા—આ ધર્મલાભનું સ્વરૂપ કૃપા કરી આપ સમજાવો.

સૂરિજી—હે રાજન્! જગતના તમામ ધર્મોમાં અવિચ્છિન્ન પ્રભાવશાલી, ત્રિકાલાબાધિત શ્રી જિનેશ્વરભાષિત, ત્રિપુટીશુદ્ધ જિનધર્મ સર્વોત્તમ છે; કારણ કે-ધર્મનું સ્વરૂપ અહિંસા, સંયમ અને તપ છે. આ ત્રણે વાનાંની નિર્દોષ સાધના શ્રી જિનધર્મમાં છે. તેની પરમ ઉલ્લાસથી સાત્ત્વિકી આરાધના કરીને ભૂતકાલમાં અનંતા જીવો સિદ્ધિપદને પામ્યા છે. વર્તમાનકાલમાં પણ પામે છે ને ભવિષ્યમાં પણ પામશે. અમે પણ એ જ ધર્મની નિર્મલ આરાધના કરી રહ્યા છીએ. એથી અમને ખાત્રી છે કે-અમે પણ જરૂર સિદ્ધિના સુખ પામીશું. આવા નિર્મળ ધર્મની પ્રાપ્તિ તમને થાઓ, તેની શુદ્ધ આરાધના કરીને તમે સિદ્ધિના સુખ પામો. એ આ ધર્મલાભનું રહસ્ય છે. બીજા ધર્મવાળાઓ ધર્મ-ધર્મ નામ પોકારે છે, પણ તેઓ ધર્મનું ખરૂં રહસ્ય સમજતા નથી ને કદાચ સમજતા હોય, તો તેઓ પોતે શિથિલાચારી હોવાથી પોતાની વૃત્તિ જાળવવા ખાતર જ ધર્મના ખરા રહસ્યને બતાવતા નથી, કારણ કે જો બતાવે તો સાંભળનાર જીવો તરત જ પૂછે કે-આવો ધર્મ તમે કેમ પાળતા નથી ? ને યજ્ઞમાં પશુહિંસા વગેરે અધર્મો તમે શામાટે ફેલાવો છો ? ધર્મનું રહસ્ય 'ત્યાગ છે' તો તમે સ્ત્રી ધન વગેરેની જાળમાં શામાટે ફસાયા છો ? જ્યારે ખરા તપમાં અચિત્ત વાણી સિવાય બીજું કંઈ લઇ શકાય જ નહિ, તો પછી ઉપવાસમાં ફળાહાર તમે શામાટે ગ્રહણ કરો છો ? ને બીજાને જાહેર કરો છો ? આવા અનેક કારણને લઇને ધર્મનું ખરૂં રહસ્ય સમજનારા તથા સમજાવનારા જીવો દુનિયામાં વિરલા જ હોય છે. જૈન શ્રમણો, કંચનકામિનીનો ત્યાગ કરી પોતે ખરી લાગણીથી ત્યાગ ધર્મને આરાધે છે, ને ઉપકાર કરવાની દૃષ્ટિએ બીજાને પણ તેવો જ ધર્મ આરાધવા લાયક છે એમ સ્પષ્ટ જણાવે છે. આ વચનની ઊંડી અસર સામા પૂછનાર જીવમાં જરૂર થાય છે. જેણે આશાને ગુલામડી બનાવી છે, તેવા જ મહાપુરુષો જ સત્ય ધર્મને યથાર્થ સ્વરૂપે સમજાવી શકે છે, બીજાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. રાજા જેમ બ્રાહ્મણો વગેરે ભકતોને તમે દીર્ઘ આયુષ્યવાળા થાઓ ? તમે પુત્રવંત થાઓ ! તમે લક્ષ્મીવંત થાઓ ! આવા આશીર્વાદ આપે છે, ત્યારે તેઓ રાજી રાજી થઇને બ્રાહ્મણાદિને લક્ષ્મી વગેરેનું દાન આપે છે, તેમ તમે તેવા આશીર્વાદો કેમ આપતા નથી ? ધર્મલાભનો આશીર્વાદ આપો, એમાં કોઇ કંઇ સમજે પણ નહિ, ને તમને પણ કંઇ ઇષ્ટ લાભ થાય નહિ.

સૂરિજી—૧ લાંબું આયુષ્ય તો સાતમી નારકીના જીવોને પણ તેત્રીસ સાગરોપમ પ્રમાણ હોય છે. તેટલો કાળ તેઓ દુઃખમય જીવન ગુજારે છે. લાંબા આયુષ્યવાળા જીવોનું જ કલ્યાણ થતું હોય, એટલે તેવા જીવો સ્વર્ગે જતા હોય, તો તો 'તમે લાંબા આયુષ્યવાળા થાઓ' આવો આશીર્વાદ દેવો વ્યાજબી ગણાય, પણ તેમ તો છે જ નહિ. દુનિયામાં આપણે જોઇએ છીએ કે–લાંબા આયુષ્યવાળા અધર્મી જીવો રીબાઇ રીબાઇને મરે છે. આવા અનેક કારણોથી જૈન મુનિવરો–'તમે લાંબા આયુષ્યવાળા થાઓ' આવો આશીર્વાદ આપે જ નહિ. ઋષભદેવ ભગવંતનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું. પ્રભુશ્રી મહાવીરદેવનું ૭૨ વર્ષનું આયુષ્ય હતું. અગીઆરમા ગણધર પ્રભાસનું ૪૦ વર્ષનું આયુષ્ય હતું. જંબૂસ્વામીનું ૮૦ વર્ષનું આયુષ્ય હતું. છતાં તે બધા સિદ્ધિના સુખ જરૂર પામ્યા માટે હે રાજન્ ! આત્મદૃષ્ટિએ દીર્ઘાયુષ્યની કઇ રીતે ઉત્તમતા કહી શકાય ? માટે જ તેવો આશીર્વાદ દેવા યોગ્ય કહેવાય જ નહિ. ૨ ઘણાં પુત્રના લાભથી કલ્યાણ થતું હોય, તો ભુંડ, કુકડા વગેરેનું વ્હેલું કલ્યાણ થવું જોઇએ, કારણ કે તેમને ઘણાં બચ્ચાંઓ હોય છે. પરંતુ તેમ તો છે જ નહિ. પ્રભુ શ્રી નેમિનાથ, જંબુસ્વામી વગેરેને પુત્રાદિ પરિવાર નહિ છતાં પણ તેઓ મોક્ષના સુખને પામ્યા છે; માટે જ "**अपुत्रस्य गतिर्नास्ति**" આ વચન તદ્દન ખોટું ઠરે છે. આ આશયથી 'તમે પુત્રવંત થાઓ' આવો આશીર્વાદ ન દેતાં જૈન શ્રમણો ધર્મલાભ કહે છે. ૩ ધનથી કલ્યાણ થતું હોય તો ઘણાં ધનવંત મ્લેચ્છ રાજાઓનું કલ્યાણ વ્હેલું થવું જોઇયે. કારણ કે તેઓની પાસે ઘણી લક્ષ્મી હોય છે પરંતુ તેમ તો દેખાતું છે જ નહિ. ધનવંત કે નિર્ધન જે કોઇ જિનધર્મની આરાધના કરે, તેનું કલ્યાણ જરૂર થાય, માટે જ જૈન શ્રમણો બીજાની માફક 'તમે ધનવંત થાઓ' આવો આશીર્વાદ દેતા નથી. ૪ તથા 'તમે ઘણી સ્ત્રીઓવાળા થાઓ' એમ પણ કહી શકાય નહિ; કારણ કે જો સ્ત્રીઓથી જ કલ્યાણ થતું હોય તો બ્રહ્મદત્ત ચક્રવર્તી વગેરેને ૬૪ હજાર સ્ત્રીઓ હતી. તેથી તેમનું કલ્યાણ વ્હેલું થવું જોઇયે, તે તો નરકે ગયા. માટે 'તમને ઘણી સ્ત્રીઓ મળે' આવો આશીર્વાદ દઇ શકાય જ નહિ. આવા આવા અનેક કારણોને લઇને અમે બીજા આશીર્વાદને છોડીને હે રાજન ! અમે તમને ધર્મલાભ દીધો છે. આનું ખરૂં રહસ્ય એ છે કે "શ્રી જિનધર્મની આરાધના કરવાથી જ મુક્તિના સુખ મળે છે, એમ સમજીને અમે જે ધર્મને આરાધીએ છીએ, તે ધર્મની પ્રાપ્તિ તમને થાઓ." આ ધર્મલાભ સર્વ સુખને આપે છે માટે જ તે ચિંતામણિ વગેરેથી પણ ચઢીયાતો છે. હે રાજન્ ! આ ધર્મલાભનો પ્રભાવ શ્રી મહર્ષિ ભગવંતો આ પ્રમાણે જણાવે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી : યોગની અદ્ભુત શકિત.

લેખકઃ—સ્વ૦ બાબુ ચંપતરાયજી જૈની ( બેરીસ્ટર એટ-લૉ )

( ગતાંક પૃષ્ઠ ૯૩ થી શરૂ. )

જે મનુષ્યમાં સંપૂર્ણ સંયમભાવ હોય, જેનામાં પ્રબળમાં પ્રબળ આકર્ષણ શક્તિ હોય તે મનુષ્ય પારવગરનાં આશ્ચર્યકારી કામો જરૂર કરી શકે એમાં કશીયે શંકા નથી. આકર્ષણ શક્તિને લીધે જ, દ્રવ્યનાં અણુઓની સ્થિતિ અને શક્તિમાં એવું અજબ પરિવર્ત્તન થાય છે જેથી અનેક આશ્ચર્યકારી કાર્યો થઇ શકે છે. પોલાદ અને લોહચુંબકમાં અણુઓની દૃષ્ટિએ કશોએ તફાવત નથી. આમ છતાં પરમાણુઓની વ્યવસ્થિતતાને કારણે, લોહચુંબકમાં આકર્ષણ શક્તિ હોવાથી, અનેક લોહમય વસ્તુઓનું તેથી આકર્ષણ થાય છે. એકલા પોલાદથી કોઇ પણ લોહમય વસ્તુનું આકર્ષણ નથી થતું. લોહચુંબકમાં અણુઓની વ્યવસ્થા એવી હોય છે જેથી તેને આકર્ષણ શક્તિ પ્રાપ્ત થાય છે. પોલાદના અણુઓ લોહચુંબકમાં અણુઓ જેવા વ્યવસ્થિત ન હોવાથી તેમાં આકર્ષણનો ગુણ નથી આવી શકતો.*

લોહના પ્રત્યેક કણમાં પરસ્પર આકર્ષણવાળા બે અત્યંત સ્વલ્પ પ્રવાહી કણો હોય છે. આ બન્ને કણો ઘનિષ્ટ એકતાને કારણે એકબીજાને સત્ત્વહીન બનાવી દે છે. જો કણો આકર્ષણ-યુક્ત હોય તો તેથી આકર્ષણ-કાર્ય થાય છે. આકર્ષણ-ક્રિયાનો આ એક દાખલો છે. લોહનાં કણોમાં હંમેશાં આકર્ષણશક્તિ હોય છે એવો વેબર નામના વૈજ્ઞાનિકનો સિદ્ધાન્ત છે. મી. વેબર પોતાના સિદ્ધાન્તનાં સમર્થનમાં કહે છે કે, લોહનાં કણોનો અગ્રભાગ સામાન્ય રીતે બધીયે દિશાઓમાં ફરે છે. આથી દરેક કણ આકર્ષણની દૃષ્ટિએ સત્ત્વહીન બની જાય છે. લોહનો કણમાંનાં બે પ્રવાહી સ્વલ્પ અંશો છૂટા પડીને, ધ્રુવ તરફ હડસેલાય તો જ તેમનામાં આકર્ષણ શકિત આવે છે. આકર્ષણ શકિતને અંગ્રેજીમાં Magnetism કહે છે.

લોહનાં કણોની આકર્ષણ શકિત અમુક વ્યવસ્થિત શક્તિને લીધે જ છે એમાં કંઇ શંકા નથી. યોગથી મનુષ્યનાં ચિત્તમાં પણ આવું જ પરિવર્ત્તન થાય છે. અણુઓની અવ્યવસ્થિત સ્થિતિને કારણે, ચિત્તની શક્તિનો ઓછેવત્તે અંશે હ્રાસ થાય છે. યોગથી ચિત્તના પરમાણુઓ એક બીજાને આકર્ષણ કરે એવી સુયોગ્ય સ્થિતિમાં મૂકાય છે. આથી ચિત્તની શકિત અત્યંત આશ્ચર્યકારી થઇ પડે છે. એકાગ્ર ધ્યાનથી આકર્ષણના નિયમ અનુસાર ચિત્તના પરમાણુઓની પુનર્વ્યવસ્થા થાય છે.

જીવન કુદરતી રીતે અત્યંત વિશુદ્ધ હોય તો તે સર્વ રીતે મહાબળવાન આકર્ષણરૂપ થઇ પડે છે. આકર્ષણના સિદ્ધાન્તને અનુરૂપ ચિત્તની વ્યવસ્થા જ્યારે જ્યારે થાય છે ત્યારે ત્યારે આકર્ષણની દૃષ્ટિએ ચિત્ત કોઇપણ ધાર્યું કામ કરી શકે છે. સામાન્ય મનુષ્યના ચિત્તના અણુઓ પ્રાયઃ અવ્યવસ્થિત સ્થિતિમાં રહેતા

* The New Popular Encyclopaedia, Act. 'Magnetism.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી, સામાન્ય મનુષ્યનું ચિત્ત ઘણુંખરૂં બલહીન જ હોય છે. ચિત્તની અવ્યવસ્થિત સ્થિતિ મનુષ્યને બુદ્બુદ્ સમો રાખે છે. અવ્યવસ્થિત ચિત્તવાળા મનુષ્યથી નદી કે સાગર જેટલી શકિત મેળવી જ ન શકાય. અવ્યવસ્થિત ચિત્તને કારણે, મનુષ્યનો શરીર ઉપર વિશેષ મોહ રહે છે. આથી તેને અજ્ઞાન અને લાલસાઓને કારણે દુ:ખ જ રહ્યા કરે છે. તેનું જીવન કુદરતથી વિરુદ્ધ ચાલે છે. વિમાર્ગગામી બન્યાથી તેને સુખની પરિણતિ ભાગ્યે જ થાય છે. કુદરતના પ્રવાહ સામે મથન કરવાથી તેના ઉપર અવારનવાર કુદરતના લતા પ્રહાર થયા જ કરે છે. એથી કોઇ વાર એનો વિનાશ પણ સંભવે છે. કુદરતના પ્રવાહ સાથે ગમન કરતાં, મનુષ્યની સ્થિતિ તેથી વિપરીત થાય છે. મનુષ્યને સમગ્ર પ્રવાહનો ટેકો મળ્યા કરે છે. મનુષ્ય ઇષ્ટ સ્થાને જઇ શકે છે. તાત્પર્ય એ કે-જીવનના પ્રવાહ સામે થવાથી જ મનુષ્યને માનસિક અને શારીરિક સર્વ દુ:ખો પરિણમે છે. આથી અસત્ય વસ્તુઓના મોહને તિલાંજલી આપી, જીવનના પ્રવાહ-માર્ગના જ સાથી થવું એ દરેક મનુષ્યનું પ્રધાન કર્તવ્ય છે.

સુખ આત્માથી પર રીતે અર્થાત્ બહારથી આવી શકે એવી માન્યતા એક પ્રકારનો ભ્રમ છે. એ ભ્રમનું નિવારણ થતાં, આત્માનાં સત્ય સુખનો ભાસ થાય છે. ભ્રમયુકત સ્થિતિમાં ચિરકાળ સુધી રહેવા માટે પશ્ચાત્તાપ અને આશ્ચર્ય થાય છે. ચિત્તના અણુઓની પુનર્વ્યવસ્થા થતાં, જીવનનું નાવ યોગ્ય દિશામાં જ ગમન કરે છે. આથી જીવનની શક્તિ અને સુખની કશીયે સીમા નથી રહેતી. જીવન સંપૂર્ણ આરોગ્યમય બને છે. અપૂર્વ આશ્ચર્યકારી કાર્યો પણ થઇ શકે છે. જાગૃત અવસ્થામાં, ઇચ્છા-શકિતનાં દબાણને લીધે ચિત્ત અવ્યવસ્થિત બની જાય છે. અનેક પ્રકારનાં વિકારી ઉચ્છિષ્ટને કારણે શ્રમ, ચિંતા આદિનો ઉદ્ભવ થાય છે, નિદ્રાથી ચિત્તની પુનર્વ્યવસ્થા થતાં, ચિત્ત પાછું આકર્ષણ યુકત બને છે. નિદ્રાની આવશ્યકતા આ ઉપરથી સમજી શકાય છે.

દરેક વિચારની શરીર તેમજ ચિત્ત ઉપર અસર થાય છે એમાં કંઇ શંકા નથી. હીપ્નોટીઝમની ક્રિયા બાદ જે ઉદ્બોધન ભાવ થાય છે તેથી આ માન્યતાનું સમર્થન થાય છે. હીપ્નોટીઝમની સ્થિતિમાં જે આજ્ઞાઓ થઇ હોય તે આજ્ઞાઓનું પાલન એ સ્થિતિ બાદ પણ ઘણીયે વાર થાય છે. આમાં પોતે શું કરે છે તેનું ભાન પણ મનુષ્યને કેટલીક વાર હોતું નથી. આ પ્રમાણે વિવિધ આજ્ઞાઓનું પાલન કયી શકિતથી અને કેમ થાય છે એ પ્રશ્ન અત્યંત વિચારણીય થઇ પડે છે.

હીપ્નોટીઝમ અને સામાન્ય દશા વચ્ચે બે દ્રષ્ટિએ ફેર છે. એક તો એ કે, હિપ્નોટીઝમના પ્રભાવજન્ય તંદ્રાયુકત સ્થિતિમાં નિશ્ચય કે પસંદગીની શકિત સંભવી નથી શકતી. હીપ્નોટીઝમને કારણે, અધિષ્ઠાન ચિત્તની ઉચ્ચ શકિતઓનું કાર્ય પણ બુદ્ધિનાં તાત્કાલિક પદભ્રષ્ટપણાને લઇને થઇ શકતું નથી. બુધ્ધિનાં અધિરાજ્યનો તાત્કાલિક તિરોભાવ કેમ થાય છે એ વિષે આપણે આથી વિચાર કરીએ.

ઇચ્છાશકિતની અત્યંત આવેશમય સ્થિતિમાં નિશ્ચયશકિતનું કાર્ય તાત્કાલિક બંધ પડે છે. આનું કારણ એ છે કે-અમુક મનોભાવથી તણાઇ જતાં, ઇચ્છાશક્તિથી એવાં કાર્યો થઇ જાય છે જે માટે જીવનની શાન્ત પળોમાં મનુષ્યને જરૂર પસ્તાવો થાય. લોકોની મેદની જામે છે કે અમુક પ્રકારનાં સાહિત્યનાં વાંચનમાં મનુષ્ય અત્યંત પરોવાઇ જાય છે તે સમયે મનુષ્યની ઇચ્છા-શક્તિ તેનાં નિયંત્રણમાં નથી હોતી. ઇચ્છા-શક્તિની આવેશમય સ્થિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિને લઇને બુધ્ધિનું કંઇ નથી ચાલતું.

આંતરિક ઉત્તેજનને પરિણામે, ઈચ્છા-શકિતનો અત્યંત ઉત્કર્ષ થતો હોય એ સ્થિતિમાં પણ ઇચ્છા-શકિત બુધ્ધિથી સ્વતંત્ર જ હોય છે. આવું યોગ દરમીયાન ઘણીયે વાર બને છે. કોઈ ગંભીરમાં ગંભીર ભયમાં કે મસ્તિષ્ક અને મજ્જાતંતુઓની અત્યંત શ્રમયુકત સ્થિતિમાં પણ બુધ્ધિનું કશુંયે નથી ચાલતું.

ઈચ્છા-શકિતના ઉત્કર્ષથી વિવેક શકિતનાં કાર્યની સ્થગિતતા અને બુધ્ધિશૂન્યતા કે ઈચ્છા-શકિતના પક્ષાઘાતથી થતી વિવેકશકિતની સ્થગિતતા એ બન્નેમાં ઘણો ફેર છે. ઇચ્છા-શકિતના ઉત્કર્ષથી વિવેકશકિત સ્થગિત થાય તો ઇચ્છા-શકિતને પોતાનાં સર્વોપરિપણાનો ખ્યાલ નથી જતો. ઇચ્છાશકિત સ્વયમેવ બુધ્ધિ વિના ચલાવી લે છે. ઇચ્છાશકિતના પક્ષાઘાત કે બુધ્ધિની શૂન્યતાથી વિવેકશકિત સ્થગિત થાય છે ત્યારે ઈચ્છા-શકિતને કોઈ બહારનાં કારણે માર્ગદર્શન જેવું પણ રહેતું નથી. પોતાની સર્વોપરિતાનો ખ્યાલ પણ ભૂંસાઇ જાય છે. બુધ્ધિની કુંઠિત સ્થિતિની અનિષ્ટ અસર ઈચ્છાશકિત ઉપર અવશ્ય થાય છે. મંત્રમુગ્ધ દશાથી આ મંતવ્યને સમર્થનરૂપ સુંદર દૃષ્ટાન્ત મળી રહે છે.

કોઇ મનુષ્ય પોતાને ઉદ્બોધન કરે અને કોઇ બીજા મનુષ્યને હીપ્નોટીઝમને પ્રભાવે કંઈ આજ્ઞા કે સૂચન થાય તેમાં ઘણો ફેર છે. આત્મીય ઉદ્બોધનમાં અમુક કાર્ય કરવાનો નિશ્ચય આદિ હોય. એ નિશ્ચયમાં એક પ્રકારની પસંદગી પણ હોય. હીપ્નોટીઝમની અસરવાળા મનુષ્યની બુદ્ધિ તાત્કાલિક રીતે સ્થગિત થાય છે. આથી પોતાની તંદ્રામય સ્થિતિમાં જે જે ઘટનાઓ બને છે તે સર્વથી તે પ્રાયઃ અજાણ રહે છે.

નિશ્ચયયુકત પસંદગી અને હીપ્નોટીઝમને પ્રભાવે થયેલી દશામાં, આટલો જ ફેર હોઇને, ઈચ્છા-શક્તિ બુદ્ધિની સહાય ( કદાચ ) લે એ સિવાય પસંદગી કે આજ્ઞાના અમલમાં મનુષ્યને બુદ્ધિ સાથે કશીયે લેવાદેવી નથી હોતી. ઈચ્છા-શકિત સિવાય બીજી કોઇ પણ શકિતમાં ઐચ્છિક કાર્ય-શક્તિ ન હોવાથી, ઇચ્છાશકિત પસંદગી તેમજ આજ્ઞાનો અમલ કરે છે એમ કહી શકાય.

( ચાલુ )

## આનંદજનક સમાચાર.

અમારા માનવંતા પેટ્રન સાહેબ શેઠ સાહેબ **અમૃતલાલભાઇ કાળીદાસને** સને ૧૯૪૬ ના બેસતા વર્ષે નામદાર બ્રીટીશ સરકારે **રાવબહાદુરનો** ઇલકાબ આપ્યો છે, જે માટે અમારો આનંદ જાહેર કરીએ છીએ. અને ભવિષ્યમાં એવી અનેક રીતે તેઓ સાહેબની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાઓ તેમ આ સભા અંતઃકરણથી ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર

## શહેર ભાવનગરનું ધાર્મિક ચાતુર્માસ.

શહેર ભાવનગરમાં જ્યારે જ્યારે વિદ્વાન મુનિ વરોનું ચાતુર્માસ હોય છે ત્યારે શાસનઉન્નતિનાં કાર્યો સારા પ્રમાણમાં થાય છે. ગયા ચાતુર્માસમાં આચાર્યદેવ મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય શ્રી વિજયામૃતસૂરિજી પોતાના વિદ્વાન શિષ્યો સાહિત્યરસિક શ્રી ધુરંધરવિજયજી, શ્રી રામવિજયજી વગેરે પરિવાર સહિત શ્રી સંઘની વિનંતિથી બિરાજમાન હતા, શ્રી વિજયામૃતસૂરિ મહારાજની વ્યાખ્યાનશૈલી સાદી, સરલ અને મધુર હોવાથી ઘણા ભાઇબ્હેનો દરરોજ સારો લાભ લેતા હતા. શ્રી ધુરંધરવિજયજી મહારાજ પણ વિદ્વાન હોવા સાથે લેખક અને સાહિત્ય સંબંધમાં સારા નિષ્ણાત છે. ઘણા શહેરોની જેમ અહિં પણ ચાતુર્માસ બેસતા શ્રી સંઘની વિનંતિથી ભગવતીસૂત્ર અને ભાવનાધિકારે વસ્તુપાલ ચરિત્ર કથા આખા ચાતુર્માસમાં વ્યાખ્યાનમાં સર્વ શ્રવણ કરતા હતાં. મહારાજશ્રીની વાંચનશૈલી રૂચીકર હતી. અમારી સભાના સદ્દગત કાર્યવાહક પૈકીના એક ધ્રુવ અમીચંદ દીપચંદના પુત્ર ભાઇ ચંપકલાલે પોતાના ધંધામાં લક્ષ્મી સારી મેળવતાં તેઓ ભદ્રિક અને શ્રદ્ધાળુ હોવાથી મળેલી લક્ષ્મીનું સાર્થક કરવા શ્રી ભગવતીસૂત્રની ઉછામણી બોલી ઘેર પધરાવી દેવભક્તિપૂર્વક રાત્રિજગો કરી શ્રી આચાર્ય મહારાજને બહુ જ પ્રેમપૂર્વક વહોરાવી સંઘભકિત કરી હતી. છેવટે પૂર્ણાહૂતિના ટાઇમે શ્રી સંઘે શ્રવણના થયેલ આનંદને લઇને અઠ્ઠાઇમહોત્સવ અને સમોસરણની રચના કરી હતી. ત્યારબાદ આચાર્ય મહારાજ ચાતુર્માસ ઉતરવાથી વિહાર કરવાના હતા.

ઉપરોક્ત દેવભકિતના પ્રસંગે ભાઇ ચંપકલાલે ઘણા હર્ષપૂર્વક શ્રી શાંતિસ્નાત્ર પોતાના ખર્ચે ભણાવવા શ્રી સંઘ પાસે આદેશ લઇ વિધિવિધાનપૂર્વક ભણાવી સુકૃતની મળેલી લક્ષ્મીનો સદ્ગ્યય કર્યો છે. તેઓ દરેક ધાર્મિક કાર્યોમાં યથાશકિત પૈસા ખરચી લાભ લે છે. તેઓએ પોતાના પિતાનો વારસો પિતૃભકિત નિમિત્તે લઇ આ સભાના લાઇફ મેમ્બર થયેલા હોવાથી તેમની ઉપર્યુકત શ્રદ્ધા જોઇ અમો તેમને ધન્યવાદ આપીયે છીયે અને પોતાના પ્રિય પિતાના સ્મરણ નિમિત્તે તેઓ જ્ઞાનભકિતનું ઉત્તમ કાર્ય કરે તેમ સૂચવીયે છીયે.

# સાભાર સ્વીકાર

**વિજય સ્તવન વાટિકા**—સંગ્રાહક જૈનધર્મભૂષણ મુનિશ્રી મનોહરલાલજીના સુશિષ્ય પંડિત મુનિશ્રી વીરપુત્ર વિજયમુનિજી. મામલતદાર ઓફીસ જામજોધપુર મારફત ભેટ મળી છે.

**સોનેરી શીખ અને ફૂલડાંની છાબ**—સંગ્રાહક મહેરબાન ડમરી સાહેબ પીરોજશાહ પાલનજી તરફથી ભેટ મળી છે.

**નૂતન જિન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ**—કિં. ૦-૬-૦ તથા શ્રી **વર્દ્ધમાન જિન સ્તોત્ર દીપિકા** કિં. ૦-૪-૦ કર્તા મુનિરાજ શ્રી સુશીલવિજયજી તરફથી ભેટ મળી છે.

**ધર્મસુધા**—કિં. સદુપયોગ. સંચય કરનાર મહારાજશ્રી મહિમાવિજયજી. પ્રકાશક સરદારપુર, શ્રી જૈન સંઘ તરફથી ભેટ મળી છે.

**પર્યુષણ પર્વ અષ્ટાન્હિકા વ્યાખ્યાન**—મુનિરાજશ્રી મેરુસાગરજી તરફથી ભેટ મળી છે. સાધુ મુનિરાજ તથા સાધ્વીજી સાહેબને ઝવેરી રૂપચંદ લલ્લુભાઇની ધર્મશાળા ઠે. ગોપીપુરા સુરત, એ સિરનામેથી ૦-૧-૯ સ્ટામ્પ બીડવેથી ભેટ મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગ્રહસ્થોના નામો તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસોહ કરતાં વધારે પાના છે. કિંમત રૂ. ૨-૧૨-૦, પોસ્ટેજ અલગ.

---

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

### શ્રી રામચંદ્ર ગણિ કૃત મૂળ અને સુધાભૂષણ ગણિ કૃત અવચૂરિ અને તેનો ગુજરાતીમાં ભાવાર્થ વિશેષાર્થ સહિત.

તેરમા સૈકામાં રસ અને અલંકારના ચમત્કારથી વિભૂષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડકાવ્યની રચના થયેલી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમાર વિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિરૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચન્દ્રકાન્ત મણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વ કળશો અને સ્તંભો-સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ કોટી દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું. તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતી ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ૨૫૦ પાનાનો આ ગ્રંથ છે. કિં. રૂા. ૨-૦-૦. આર્ટપેપર ઉપર છપાયેલ છે.

---

## સ્ત્રી ઉપયોગી.

આદર્શ-જગતવંદનીય સતી શ્રી સીતાજીનું ચરિત્ર, ૨ શ્રી દમયંતી ચરિત્ર, એ મહાસતીઓના સુંદર જીવન ચરિત્ર કોઇપણ જૈન બ્હેનોને આદર્શ થવા માટે ખાસ ઉપયોગી છે. છપાવવાની યોજના વિચારાય છે, આત્મકલ્યાણની ઇચ્છાવાળા, કોઈ પણ જૈન બંધુ કે બ્હેનના ફૉટા, જીવનવૃત્તાંત આ ગ્રંથોમાં આપવામાં આવશે. યોજના ખર્ચ માટે અમોને લખી જણાવે સંતોષકારક ખુલાસો આપવામાં આવશે.

---

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧ શ્રી વસુદેવ હિંડી ગ્રંથ. ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર. )

તત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથનું મૂળ બહુજ પ્રયત્નપૂર્વકનું સંશોધન સદ્દગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન બંધુ રા. રા. **ભોગીલાલ જ.** સાંડેસરા અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. કોઈ પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથમાં ફૉટો અને જીવનચરિત્ર સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવાયોગ્ય વિષયો અને સુંદર કથાઓ આવેલી છે.

---

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

**૨ કથારત્નકોષ.** **૪ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.**
**૩ શ્રી સંઘપતિ ચરિત્ર.** **૫ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.**

જે કે છપાઈ રહેતાં શુમારે બે હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા

( અનુસંધાન ટાઇટલ પાનું ૪ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

આ ઉત્તમોતમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે. નવા થનારા લાઇફ મેમ્બરોને લાભ લેવા જેવું છે. જલદી નામ નોંધાવો.

નાં. ૧ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

---

## જોઇયે છીયે.

આ સભા માટે એક ગ્રેજ્યુએટ, જેમનું સંસ્કૃત જ્ઞાન પણ સારૂં હોય, સભાના સાહિત્ય પ્રકાશનોના પ્રૂફો જોઇ શકે, પત્ર વ્યવહાર કરી શકે તેવો એક હેડ કલાક જોઇયે છીયે. પગાર માસિક રૂા. પચાશથી રૂા. સાઠ. બીજે સ્થળે સરવીસ કરી હોય તેના સર્ટીફીકેટ સાથે લખો—

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.
સેક્રેટરીઓ.

---

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ. )
### તૈયાર છે.

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિતની તેની હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૧૭ ફોર્મ સુમારે બશેંહ પેજમાં છપાઇ તૈયાર થઈ ગયેલ છે. કિંમત લેઝર પેપરના રૂા. ૨–૮–૦ ગ્લેઝડ પેપરના રૂા. ૨–૦–૦

---

## દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાનોના સુંદર ચરિત્રો.

નીચેના ગ્રંથોની માત્ર થોડી કોપીયો સિલકે છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી, જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજો ભાગ) રૂા. ૨–૬–૦
૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨–૦–૦
૩ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨–૦–૦

---

## સત્વશાળા અને આદર્શ પુરુષ ચરિત્રો.

શ્રી સુમુખ નૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા (સચિત્ર) ૧–૦–૦ શ્રી જૈન નરરત્ન "ભામાશાહ" ૨–૦–૦ શ્રી પૃથ્વીકુમાર ( સુકૃતસાગર ) ચરિત્ર ૧–૦–૦ શ્રી સમરસિંહ ચરિત્ર શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર ૦–૪–૦ શ્રી કર્માશાહ ચરિત્ર શત્રુંજયનો સોળમો ઉદ્ધાર ૦–૪–૦ શ્રી કલિંગયુદ્ધ અને મહારાજા ખારવેલ ૦–૧૨–૦ શ્રી વિજયાનંદસૂરિ ૦–૮–૦. દરેક ગ્રંથ પ્રભાવશાળી મહાન નરરત્નના ચરિત્ર સાથે ખાસ મનન કરવા જેવા, ઉપદેશક અને સાદી અને સરળ ભાષામાં, સુંદર ટાઇપ, આકર્ષક બાઇન્ડીંગ અને ઉંચા કાગળોમાં પ્રગટ થયેલ છે. પોસ્ટેજ સર્વનું અલગ.

---

### શ્રી ચારિત્ર રત્ન ગણિ–વિરચિત—
## શ્રી દાનપ્રદીપ—

પંદરમા સૈકામાં ૬૬૭૫ શ્લોક પ્રમાણ રચેલા આ ગ્રંથનું આ સુંદર અને સરલ ગુજરાતીભાષાંતર છે.

**જિનાગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસનરૂપી ઘરમાં દાનરૂપી દીવાને** પ્રગટ કરવા, આ ગ્રંથની બાર પ્રકાશમાં રચના કરી છે. દાનના અનેક ભેદો–પ્રકારો, તેના આચારોનું વર્ણન અને તે ઉપર દાનવીરોના ઉત્તમ ૪૨ સુંદર મનન કરવા યોગ્ય સુંદર ચરિત્રો–સુંદર કથાઓ સાથે આપવામાં આવેલ છે. સાથે દેશથી અને સર્વથી દયાનું વિવેચન, દાનના ગુણો અને દોષોનું વર્ણન વગેરે હકીકત વિસ્તારથી આપેલ છે. જીવનને સન્માર્ગદર્શક, પિતા પેઠે સર્વ ઇચ્છિત આપનાર, માતાની પેઠે સર્વ પીડા દૂર કરનાર, મિત્રના પેઠે હર્ષ વધારનાર, મહા મંગળરુપ, આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફૂરિત કરનાર, નિર્મળ, સમ્યક્ત્વ, શ્રાવકત્વ, પરમાત્મત્વ પ્રગટ કરાવનાર દેદીપ્યમાન દાનધર્મરુપી દીવો જિન પ્રવચનરુપી ઘરને વિષે ચોતરફ પામી અનેક જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. એકંદરે આ અપૂર્વ ગ્રંથ નિરંતર પઠન પાઠન કરવા જેવો છે. ૫૦૦ પાનાનો ઉંચા પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાયેલ છે. કિં. રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only